ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૩૨ | ૧ સપ્ટેમ્બર ૨૦૧૭ | પાના-૧૬ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - સત્સંગ અને અસંગતા

૧. સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે.

૨. સહજસ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજસ્વરૂપનું માત્ર ભાન જીવને નથી, જે થવું તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે.

૩. સંગના યોગે આ જીવ સહજસ્થિતિને ભૂલ્યો છે; સંગની નિવૃત્તિએ સહજસ્વરૂપનું અપરોક્ષ ભાન પ્રગટે છે.

૪. એ જ માટે સર્વ તીર્થંકરાદિ જ્ઞાનીઓએ અસંગપણું જ સર્વોત્કૃષ્ટ કહ્યું છે, કે જેના અંગે સર્વ આત્મસાધન રહ્યાં છે.

૫. સર્વ જિનાગમમાં કહેલાં વચનો એક માત્ર અસંગપણામાં જ સમાય છે; કેમકે તે થવાને અર્થે જ તે સર્વ વચનો કહ્યાં છે. એક પરમાણુંથી માંડી ચૌદ રાજલોકની અને મેષોન્મેષથી માંડી શૈલેશીઅવસ્થા પર્યંતની સર્વ ક્રિયા વર્ણવી છે, તે એ જ અસંગતા સમજાવવાને અર્થે વર્ણવી છે.

૬. સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે. એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના યોગે સહજ સ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.

૭. તે સત્સંગ પણ જીવને ઘણી વાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી એમ શ્રી વીતરાગે કહ્યું છે, કેમકે તે સત્સંગને ઓળખી, આ જીવે તેને પરમ હિતકારી જાણ્યો નથી; પરમ સ્નેહે ઉપાસ્યો નથી; અને પ્રાપ્ત પણ અપ્રાપ્ત ફળવાન થવા યોગ્ય સંજ્ઞાએ વિસર્જન કર્યો છે, એમ કહ્યું છે. આ અમે કહ્યું તે જ વાતની વિચારણાથી અમારા આત્મામાં આત્મગુણ આવિર્ભાવ પામી સહજસમાધિપર્યંત પ્રાપ્ત થયા એવા સત્સંગને હું અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરું છું.

૮. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે.

૯. તે સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય તો અવશ્ય આ જીવનો જ વાંક છે; કેમકે તે સત્સંગના અપૂર્વ, અલભ્ય, અત્યંત દુર્લભ એવા યોગમાં પણ તેણે તે સત્સંગના યોગને બાધ કરનાર એવાં માઠાં કારણોનો ત્યાગ ન કર્યો!

૧૦. મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇંદ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી હોય તો જ સત્સંગ ફળવાન થાય નહીં, અથવા સત્સંગમાં એકનિષ્ઠા, અપૂર્વભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહીં. જો એક એવી અપૂર્વભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પ કાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે, અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય.

૧૧. સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી; પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા; અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી. તેમ પ્રમાદે રસગારવાદિ દોષે તે સત્સંગ પ્રાપ્ત થયે પુરુષાર્થ ધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી એમ જાણી પુરુષાર્થ વીર્ય ગોપવવું ઘટે નહીં.

**- શ્રીમદ્ રાજચંદ્ર, ''પત્રાંક ૬૦૯''**

## ગોરક્ષા અને ગાયની કતલ

હિંદુ ધર્મની પ્રધાન વસ્તુ નિરાળી જ છે. તે ગૌરક્ષા, એ મનુષ્યના આખા વિકાસક્રમમાં મને સૌથી અલૌકિક વસ્તુ ભાસી છે. ગાયનો અર્થ હું માણસની નીચેની આખી મૂંગી દુનિયા એવો કરું છું. ગાયને બહાને, એ તત્ત્વ દ્વારા માણસને આખી ચેતનસૃષ્ટિ જોડે આત્મીયતાનો અનુભવ કરાવવાનો એમાં પ્રયત્ન છે. (નવજીવન, ૯-૧૦-૨૧)

કાયદાથી ગાયની કતલ કદી અટકાવી ન શકાય. સમજ, કેળવણી અને ગાય વિષેનો પ્રેમ જ તે અટકાવી શકે. (હરિઅનબંધુ, ૧૫-૯-૪૬)

પ્રથમ આપણે એટલું સમજી લઈએ કે ધર્મના અર્થમાં ગોપૂજાને સ્થાન આપનારા હિંદુ મુખ્યત્વે ગુજરાત, મારવાડ, સંયુક્ત પ્રાન્ત અને બિહારના હોય છે. તેમાંથી સાહસિક મારવાડી અને ગુજરાતી વેપારી ગાયને બચાવવા વિષે વધારેમાં વધારે ઉઘરાણુ કરે છે. પણ આ કઠણ સવાલના ઉકેલને માટે પોતાની વેપારી બુદ્ધિ અથવા શક્તિનો ઉપયોગ એ લોકો જરાયે કરતા નથી એમ કહેવું પડે છે.

એટલે એ સવાલ સહેજે ઉત્પન્ન થાય છે કે જે ગાય પૂરતું દૂધ ન દેતી હોય અથવા બીજા કોઈ દોષવાળી હોય તેને કતલખાનામાં જતી કઈ રીતે બચાવવી. આ સવાલનો જવાબ નીચે મુજબ આપી શકાય:

૧. ગોવંશ પ્રત્યે હિંદુ પોતાનો ધર્મ પૂરી રીતે પાળે. તે એમ કરે તો આપણાં ઢોર હિંદુસ્તાનમાં શું, આખી દુનિયામાં પંકાય. આજની હાલત એથી ઊલટી છે.

૨. ગોવંશ પાલન અને તેની વૃદ્ધિનું શાસ્ત્રજ્ઞાન હિંદુ પૂરેપૂરું મેળવે. આજે આ બાબતમાં અંધેર પ્રવર્તે છે.

૩. વાછરડાને ખસ્સી કરવાની આજે જે નિર્દય રીત પ્રચલિત છે તેને બદલે પશ્ચિમમાં પ્રચલિત થયેલી પ્રમાણમાં નિર્દોષ ક્રિયા આપણે ત્યાં દાખલ કરવી.

૪. આજે પાંજરાપોળો ચલાવવામાં જે અજ્ઞાન પ્રવર્તે છે તે દૂર કરવાને ખાતર જાણકાર માણસો રોકી સિદ્ધ થયેલી પદ્ધતિ પ્રમાણે પાંજરાપોળો ચલાવી અજ્ઞાન દૂર કરવું.

૫. જ્યારે આ ચારે વસ્તુ થઈ હશે ત્યારે આપણે જોઈશું કે જો હિંદુ-મુસલમાનોમાં મિત્રભાવ પ્રવર્તતો હશે તો એક મિત્રતાને ખાતર જ મુસલમાનો પોતાની મેળે ગોમાંસને માટે અથવા બીજા કોઈ કારણસર ગોહત્યા કરતા અટકશે.

વાંચનાર જોઈ શકશે કે આ પાંચે મુદ્દાની પાછળ એક જ વસ્તુ રહેલી છે એટલે કે અહિંસા અથવા વિશ્વપ્રેમ. એ હોય તો ઉપરની વસ્તુઓ ને એવું બીજું બધું આપમેળે ઠેકાણે આવી જાય. જ્યાં અહિંસા પ્રવર્તે છે ત્યાં ધીરજ હોય, જ્ઞાન હોય, શાંતિ હોય, વિવેક હોય, ત્યાગ હોય, ગોસેવાનો ધર્મ બહુ કઠણ છે. ગોરક્ષાને નામે ઘણો પૈસો રેડાય છે છતાં ધર્મ અને અહિંસાને અભાવે રક્ષક હોવાને બદલે હિંદુ ગાયનો ભક્ષક થઈ પડ્યો છે. વિદેશી સત્તાને ઉખેડવામાં મુશ્કેલીઓ પડી તેના કરતાં વધારે મુશ્કેલી ગોવંશપાલન અને તેની વૃદ્ધિ કરવાની આડે પડેલી છે.

(હરિઅનબંધુ, ૩૧-૮-૪૭) - **મોહનદાસ કરમચંદ ગાંધી,**

**સૌ. ''નવજીવન નો અક્ષર દેહ'' માંથી સાભાર.**

## વિકાસ એટલે...

હોર્સ પાવર વતા વિચાર પાવર બરાબર વિકાસ. વિચાર શૂન્ય જીવન એટલે એવું મૃત્યુ, જે સ્મશાનનું ઓશિયાળું નથી. મોરીત્સબર્ગના રેલ્વે સ્ટેશને ફંગોળાઈ ગયેલો પોરબંદરનો વાણિયો જાગી ઊઠ્યો ત્યારે એક વિરાટ સામ્રાજ્યના અસ્તનું નિમિત બની ગયો! જાગી ઊઠેલો એક માનવ દુનિયાને જગાડે એને વિચારક્રાંતિ કહેવામાં આવે છે. ગાંધીજી કહે છે;

દ્રઢ મનોબળ અને જીવંત મિજાજ ધરાવનાર મનુષ્યોનું નાનકડું જુથ, કદી શાંત ન પડે એવી શ્રધ્ધાના તણખા સાથે મંડી પડે ત્યારે ઈતિહાસની દિશા બદલી શકે છે.

**- ડૉ. ગુણવંત શાહ**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | | ૧ |
| ગોરક્ષા અને ગાયની કતલ | એમ.કે.ગાંધી | ૨ |
| વિકાસ એટલે | ડૉ.ગુણવંત શાહ | ૨ |
| તંત્રીલેખ ...પગલુ માંડુ છું આકાશમાં | | ૩ |
| યોગ્ય ને યોગ્ય સ્થાને | ગુલાબચંદ જૈન | ૫ |
| સર્વાંગી ક્રાંતિકાર સાધુ-સાધ્વી | દુલેરાય માટલિયા | ૬ |
| ભિખારીઓનો ડૉક્ટર | મંજુ સાવલા | ૭ |
| એક સુંદર વિચાર | | ૮ |
| સૌથી પૈસાદાર કુંટુંબ | લાભુભાઈ પટેલ | ૮ |
| રાજધર્મ | મોરારીબાપુ | ૧૦ |
| જસ્ટ એક મિનિટ | રાજુ અંધારિયા | ૧૦ |
| ગૌરક્ષાનું પ્રતિક બન્યું | શાંતિલાલ ગડા | ૧૧ |
| સચ્ચી પુકાર | ભદ્રાયુ વછરાજાની | ૧૧ |
| મરીને જીવાડો | દુલેરાય માટલિયા | ૧૧ |
| વિના મુલ્યે જ્ઞાનની સરવાણી | સૌ. અભિયાન | ૧૨ |
| ઈશ્વરનો સંદેશ સાંભળવા સંતર્ક રહો - ઓશો. | | ૧૨ |
| ખરે સમય લીધેલ નિર્ણય | ગોપાલ પંડ્યા | ૧૩ |
| ચાર રત્નો | સ્વામીઅસંગાનંદજી | ૧૪ |
| કવિતા, વાંચકોના પત્રો, લવાજમ મળેલ છે. | | ૧૫ |
| સાચા હૃદયથી કરેલ પ્રાર્થના | જતીન રમેશ દોશી | ૧૬ |

## તંત્રી સ્થાનેથી...

### ''પગલુ માંડુ હું આકાશમાં
### જોઉં નીચે તો હરિવરનો હાથ''-મકરંદ દવે

ગયા અંકમાં અહિંસક ક્રાંતિનું સ્પષ્ટ ચિત્ર જોયું. આ ક્રાંતિના પગરણ કેમ મંડાય એનું પણ એક દર્શન થયેલ.

આજે જ્યાં ધર્મધરા ચિંચણીમાં દરિયા કિનારે મૌન અસંગતા અને નિસર્ગમય વાતાવરણમાં સાધના ચાલી રહી છે ત્યાં જ ૧૯૯૭નું ચાર્તુમાસ મૌન-અસંગ-ક્ષેત્ર મર્યાદા-(બે એકરમાં જ રહેવું) સાથે થયેલ. તે ચાર્તુમાસ ડાયરીમાં આ ક્રાંતિની એક સ્પષ્ટ ઝલક મળેલ. એ ડાયરીમાંથી આ ચિત્રને જોઈએ.

**તા.૭.૧૦.૯૭** - ''જ્યારથી આ વખતની સાધના શરૂ થઈ છે ત્યારથી દિવસે દિવસે રોજ એક નવા 'રમેશ'ને મળુ છું. એક ''તું હી તું હી''ની લય લાગી છે. રોમ રોમ એ મય થઈ રહ્યું છે. પ્રથમ દિવસથી જ એક નાના પ્રકાશથી શરૂઆત થઈ અને આજે એ પ્રકાશે જ્યોતિનું સ્વરૂપ પકડ્યું છે. રોજ નવા અર્થ મળે છે. રોજ નવી વાતો સુઝે છે. આજના દરેક પ્રશ્નના જવાબ પણ સુઝી રહ્યા છે. સમ્યગ દર્શન ભવભ્રમણથી મુક્ત કરે એ તો સમજાયેલ પણ એનો પ્રકાશ અનંત સૂર્યથી તેજસ્વી ઓજસ્વી નિર્મળ અને શીતળ છે એ તો ગુરૂકૃપાએ અનુભવે આજે સમજાય છે. **ભ્રષ્ટાચાર નિર્મૂલન યજ્ઞ સમિતિની સ્થાપના.**

તેની મુખ્ય શરત એ કોઈનું આર્થિક દાન નહિ સ્વીકારે. સમાજ આપે તો પણ નહીં લે. વગર દાને એ ચલાવવી એ પ્રથમ સિધ્ધાંત અને જ્યાં પૈસો દાખલ થાય છે ત્યાં જાણ્યે અજાણ્યે એની પાછળ 'ભ્રષ્ટાચાર' ઊભો જ હોય છે. એથી 'ભ્રષ્ટાચાર' નિર્મૂલનના પાયામાં ત્યાગ મુખ્ય હોય. પૈસાને ત્યાં સ્થાન જ ન હોય. **ડાયરી પાનું.૪૯.**

**તા.૯.૧૦૯૭**- કાલે પ્રાર્થનામાં 'ભ્રષ્ટાચાર નિર્મૂલન યજ્ઞ' માટે પંચશીલનો એક કાર્યક્રમ નક્કી થયો આ સમિતિના કન્વીનર સમુહમાં કે વ્યક્તિગત પ્રાર્થના શરૂ કરશે અને નીચેના પાંચ સૂત્રો બોલાવશે.

(૧) **વિશ્વશાંતિ કે લિએ ભારતમેં શુધ્ધ ઐક્ય કી વૃધ્ધિ હો ઔર ઐક્ય વિરોધી તત્વ દૂર હો.**

(૨) **વિશ્વમેં બઢતા હુઆ કોમવાદકા ઝહર દૂર હો દૂર હો ઔર મૈત્રી ભાવના સક્રિય બનો સક્રિય બનો.**

(૩) **ભારતકી ભૂમિ આતંકવાદ ઔર ભ્રષ્ટાચાર સે મુક્ત બનો મુક્ત બનો ઔર માનવ માનવ એક બનો ઔર નેક બનો.**

(૪) **ધર્મસ્થાન ભેદભાવકા સાધન મિટ જાયે ઔર માનવ ઐક્યકા સાધન બન જાય.**

(૫) **ગોવંશ હત્યાબંધી કાનૂન બનાને કે લિએ ભારત સરકાર કો પ્રેરણા ઔર શક્તિ મિલે. શક્તિ મિલે.**

આ છે વિશ્વશાંતિ તરફનું પ્રથમ ચરણ.

હવે પછી આ દેહ આ કાર્ય અર્થે જ રહેશે. એક સ્પષ્ટ ચિત્ર ઉપસ્યું છે અને જ્યાં સુધી એ ચિત્ર યથાયોગ્ય રીતે આકાર ન લે ત્યાં સુધી આ બે એકરના ક્ષેત્રમાં જ રહેવું. બાહ્ય જગતમાં શાંતિ હોય, ભાઈચારો હોય, ન્યાય હોય, નીતિ હોય, પ્રેમ હોય, શુભનું રાજ્ય હોય એવું જગત હોય તો જ એ જગત ને જોવાની ઈચ્છા છે. અન્યથા પરમાત્માની સાથે રહો એને જુઓ અને આનંદ માણો. બીજું કશું જોવા જેવું છે નહીં. બીજું કરવા જેવું કશું નથી. પરમાત્માના ચરણમાં સ્થાન રહે એ જ પરમ આનંદ છે, એ જ પરમભાગ્ય છે. એમની ઈચ્છા પ્રમાણે થાઓ એ જ મંગલ ભાવના. **ડાયરી પાનું.૫૦**

**તા.૧૦.૧૦.૯૭**- ગઈ કાલે જે પંચશીલ સિધ્ધાંતના સૂત્રો નક્કી થયા છે તે સૂત્રો જો દેશ આખામાં ગુંજતા થાય તો એક વાયુમંડળ બને અને પછી કોઈ એક નિશ્ચિત કાર્યક્રમ દેવામાં આવે તો ભ્રષ્ટાચારના પાયા ફક્ત ૩૦ દિવસમાં ખળભળી ઉઠે અને કડડભૂસ ભાંગી પડ્યાની સ્થિતિમાં આવી જાય. જે પણ વ્યક્તિને આમાં શ્રધ્ધા બેસે તે વ્યક્તિગત પોતે, પોતાની સંસ્થામાં, પોતાની પ્રવૃત્તિઓમાં, દુકાનોમાં, ફેક્ટરીઓમાં, પ્રાર્થનાઓમાં, મીટીંગો વિ. દરેક પ્રવૃત્તિમાં આ પંચશીલ સૂત્રો સામેલ કરે તો વાયુ મંડલ બનવામાં વાર ન લાગે આખું સ્પષ્ટ ચિત્ર આવી રહ્યું છે. મુનિશ્રી (સંતબાલજી) એ લખેલ છે એમ હાઈડ્રોજન નાઈટ્રોજન બોંબ પછી આ પ્રાણવાયુ બોંબનો, સત્ય અહિંસાનો, આત્મિક શક્તિનો પ્રયોગ છે. ઈશ્વરેચ્છા બલીયશી. **ડાયરી પાનું ૫૧.**

**તા.૧૧.૧૦.૯૭**- ધર્મક્રાંતિનો પાયો તૈયાર થઈ રહ્યો છે. આ ધર્મક્રાંતિમાં આર્થિક, રાજકીય, સામાજીક અને ધાર્મિક એમ સર્વાંગીણ ક્રાંતિનું બીજ છે. એક પણ ક્ષેત્ર આ ક્રાંતિથી અછડતું નથી રહેતું સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યું છે.

'પંચશીલ' એ પાયાનું અને રાષ્ટ્રીય એકતાનું બીજ છે આજે ધર્મ અને ભાષા જાતિ પાતિમાં દેશ વહેંચાઈ ગયો છે. આજે જરૂર છે રાષ્ટ્રીય એકતાની તેથી આ 'પંચશીલ' સૂત્રો બધે જ હિંદીમાં જ બોલવા હિંદી ભાષા એ રાષ્ટ્રીય એકતા અને અખંડતાનું માધ્યમ બને એમ ઈશ્વર ઈચ્છે છે.

આ ''ભ્રષ્ટાચારા નિર્મૂલન યજ્ઞ''માં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા આ નિમિત્તે એક પૈસો પણ સમાજ પાસેથી કે વ્યક્તિ પાસેથી સ્વીકારે, એક પણ પાવતી ફાડે તો એ મોટામાં મોટો ભ્રષ્ટાચાર સમજવો. એટલો એને આ યજ્ઞમાં અવરોધ સમજવો. આ યજ્ઞમાં જે પણ જરૂરનું હોય એ

વ્યક્તિ પોતાની ત્યાગ ભાવનાથી એમાં આપશે. પોતાના તન મન ધનનો એમાં ભોગ આપશે. અને પછી જે ખૂટશે તે પરમાત્માપૂર્તિ કરશે એવો વિશ્વાસ અને શ્રધ્ધા રાખે. ન એ માટે યાચના કરે, ન ફંડ કરે, ન અન્ય કંઈ વિચારે વ્યક્તિએ તો ફક્ત આ પંચશીલમાં શ્રધ્ધા અને વિશ્વાસ રાખવાના અને એ માટે પોતાનાથી થઈ શકે તેટલું કરી છૂટવું એ જ એનું કામ, એ જ એનો ધર્મ, એ જ એનો મોક્ષ.

આ યજ્ઞમાં અર્થની જરૂર ખરી પણ અર્થ એટલે સંપતિ નહીં. અર્થ એટલે વિવેક, અર્થ એટલે સમજણ, અર્થ એટલે ધર્મ, અર્થ એટલે ત્યાગ અને અર્થ એટલે સ્વઅર્થ-સ્વાર્થ અને કોઈપણ ક્રાંતિમાં આ અર્થ હોય તો બાકીના અર્થ તો એની પાછળ સહજ પરમાત્મા ગોઠવી આપતા હોય છે. એ તો ક્રાંતિનું By Products છે. મૂળ પ્રોડક્ટ તો છે સ્વ વિકાસ-સ્વાર્થ અને પરમાર્થ (સ્વ+અર્થ). **ડાયરી પાનું ૫૨/૫૩**

**તા.૧૨.૧૦.૯૭-** 'ધર્મક્રાંતિનું સ્પષ્ટ ચિત્ર હવે નજરે પડે છે. પંચશીલના આધારે વાયુ મંડળ તૈયાર થાય પછી સર્વ પ્રથમ કાર્યક્રમ આવે સ્વચ્છતા યજ્ઞનો આખો દેશ જો એક જ સમયે ફક્ત અડધો કલાક ઝાડુ-પાવડા અને ઘમેલાની સહાયથી સફાઈ કરવા લાગી પડે તો બાહ્ય સ્વચ્છતાનો લાભ મળે જ પણ એ સ્વચ્છતાના વાવાઝોડામાં વ્યાપી રહેલા અનીતિ-અનાચાર-ભ્રષ્ટાચાર વિગેરે સર્વ અનિષ્ટો એના મૂળ સહિત ઉખડીને હવામાં રજકણની માફક ફેંકાઈ જાય, નાશ પામે. ઝાડુ એ વાવાઝોડું બની જાય. અને પછી તો એની પાછળ ગાંધીના બધા કાર્યક્રમ સહજ આવતા જાય. દારૂબંધી, અસ્પૃશ્યતા નિવારણ, હિંદુ-મુસ્લિમ એકતા, ગોરક્ષા, નઈ તાલીમ, સફાઈ, શ્રમ, ખેતી, પર્યાવરણ, સ્વદેશી, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર વિગેરે અનેક આનુસંગિક કાર્યક્રમો સહેજે પ્રજા ઉપાડી લે. ફરીથી નવા સ્વરૂપે ગાંધીયુગની શરૂઆત થાય. **ડાયરી પાનું ૫૩/૫૪**

આ ધર્મક્રાંતિનું સૌથી વિશિષ્ટ પાસુ એ છે કે જેને આનું દર્શન થયું છે એ વ્યક્તિને અહિંથી ઉઠવાની આજ્ઞા નથી. એણે તો અહિં બે એકરમાં જ બેસી રહેવાની પરમાત્માની આજ્ઞા છે. એણે અહિંથી હલવાનું નથી. નથી એ માટે પ્રચાર કરવા જવાનો, નથી એ માટે કશું વિચારવાનું વાયુ દેવતા એની વાત વિશ્વને પહોંચાડીને રહેશે.

શ્રીમદ્જીની અત્યંત કૃપાનો આ સર્વ મહિમા છે. આમાં આ પામરની યોગ્યતા નહિ એની કૃપા જ કામ કરી રહી છે. એ અત્યંત સ્પષ્ટ નજરે આવે છે એથી વિશેષ આ જગતમાં શું છે? આભાર, પ્રભુ કે ટ્રાંજેક્શન થયા પહેલા જ દલાલી ચુકવી દીધી. આવો નુકશાનીનો ધંધો તમારી સિવાય બીજું કોણ કરી શકે, પ્રભુ? **ડાયરી પાનું.૫૩/૫૪**

અહિં બે પુરુષોની ઈચ્છાઓ ભાગ ભજવી રહી છે. આને એક રીતનું નિયાણું પણ કહે છે. શ્રીમદજી એ એવી ભાવના ભાવીને નિયાણુ કરેલ કે

''યથા હેતું જે ચિતનો સત્ય ધર્મનો ઉદ્ધાર રે,
થશે અવશ્ય આ દેહથી એમ થયો નિર્ધાર રે,'

એમજ સંતબાલજીએ જાણ્યે અજાણ્યે એવી ભાવના ભાવી, ''આ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બને, ખીલે, તે જીવતી જાગતી આંખે હું જોવા ઈચ્છુ છું.'' એ પણ ઉપર પ્રમાણે એમના જીવતા ન થયું. આ પણ ઈચ્છા જ છે. જો કે આવી ઈચ્છા તો દરેક સંતોનાં હૃદયમાં ઉગે જ છે. ઉગ્યા વગર રહે જ નહીં. એમના હૃદયમાં ફૂટેલો કરુણાનો ઝરો આમ કરાવ્યે જ રહે છે પણ એ પાર થવી કે નહિ એ તો પરમાત્માના હાથમાં છે. **(પાનું ૫૪)**

શ્રીમદ્જીના બે લીટીના એક વાક્યમાં ધર્મક્રાંતિનું આખુ બીજ રહેલું છે. ''સર્વોત્કૃષ્ટ શુધ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિધ્ધિ'' હે આર્ય જનો! આ પરમ વાક્યનો આત્માપણે અનુભવ કરો. ''આમ તો શબ્દ જડ ગણાય છતાં જ્ઞાની કહે છે આ વાક્યનો આત્માપણે અનુભવ કરો. ગજબ છે એનો મહિમા. બાહ્ય શુધ્ધિ જેમ જેમ થતી જાય છે એમ અંતર શુધ્ધિ વેગ પકડતી જાય છે. બાહ્યશુધ્ધિ લાગે ગૌણ કામ પણ એ જ મુખ્ય છે અને એ જ તો સબળ હથિયાર છે આ ધર્મક્રાંતિનું.'' **પાનું ૫૫**

**તા.૧૯.૧૧.૯૭, તા.૨૭.૧૦.૯૭** ના મોરારી બાપુ ચિંચણ આશ્રમમાં રાત રોકાયેલા એ પ્રસંગનો અહેવાલ ૧૬.૧૧.૯૭ના વિશ્વવાત્સલ્ય અંકમાં છે. એમાં બાપુ કહે છે, ''હમણા એમની બનાવેલી સર્વધર્મની પ્રાર્થના સભામાં હું બેઠો હતો ત્યાં કેટલાક સૂત્રોચ્ચાર સભામાં ઝીલાતા સાંભળ્યા હતા. જેમ કે 'આતંકવાદ અને ભ્રષ્ટાચાર નાબુદ થાઓ, કાશ્મીરમાં ચાલી રહેલી પાકિસ્તાનની કૂટનીતિનો શીઘ્ર અંત આવો! વગેરે તો આ સૂત્રોનું એક હવામાન ઉભું થતું હોય છે અને તેના આંદોલનો સકળ વિશ્વમાં વ્યાપી જતા હોય છે. આપણને તેની ખબર પડતી નથી પણ આ પણ કામ કરવાનો એક પ્રકાર છે. આમ અનેક રીતે પ્રદાન આપી શકાય.'' આગળ કહે છે, ''અત્યારે તો મારી રીતે હું કામ કરું છું. જ્યારે અંતઃકરણમાં બીજી કોઈ સ્ફુરણા થશે ત્યારે તે મુજબ કામ કરીશ. એક ગાંધી પેદા થાય, બહાર નીકળી આવે, બધા ભેગા થાય તો બહુ સારુ! અત્યારે હમણા તો હું આવું જાહેરમાં બોલું છું.'' મોરારી બાપુ. **ડાયરી પાનું.૧૨૦**

સત્યનો સાક્ષાત્કાર તો જરૂર થયો છે પણ સત્ય પણ સંગઠિત હશે તો જ એને આકાર મળી શકે. એટલે આપણે સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે અનેક રીતે સામાજીક સેવા કરી રહ્યા છે. એ જરૂરી હોઈ શકે પણ એનાથી સમગ્ર રીતે પરિવર્તન થાય એ શક્ય નથી. હવે આપણે સહુએ આપણા અન્ય કાર્યક્રમોમાં સ્વચ્છતા યજ્ઞ અને પંચશીલને જોડી દઈએ અને સંગઠિત કામ કરીએ તો આ કાર્ય તો તુરંત થઈ શકે છે. અશક્ય લાગે એ પણ જ્યાં હરિવરનો હાથ હોય ત્યાં કશું જ અશક્ય નથી.

આજની ભોગવાદી સંસ્કૃતિમાં આપણને આ રાજકીય વ્યવસ્થાએ એટલા બધા અટકાવી દીધા છે, મનુષ્ય અન્ય કશું કરી શકે કે વિચારી શકે એવી પરિસ્થિતિ જ રહેવા દીધી નથી. ત્યારે ઈશ્વર ફરી આપણને એક તક આપે છે આપણા હિત માટે. આપણી આવનારી અનેક પેઢીઓને બચાવી લેવાનો ફરી મોકો હાથમાં આવ્યો છે. સામાન્ય માનવીમાં અને આ ભારતભૂમિમાં આ જીન્સ છે કે સત્યનો એ તુરંત સ્વીકાર કરે છે. નિરાશ થવાની જરાપણ જરૂર નથી. ગાંધીજીના Quit India પ્રયોગમાં આપણે એ જોયું છે, અનુભવ્યું છે.

૧૯૯૭ની સાધનાનો આ પ્રયોગ હવે થવા જઈ રહ્યો છે. આટલો વિલંબ કેમ? સાક્ષાત્કારની સાથે સ્થિરતા જરૂરી હોઈ છે. એવી પાત્રતામાં ખામી હતી તેથી આ વિલંબ અમારા કારણે થયો છે અન્યનો કોઈ દોષ નથી.

સર્વથા સહુ સુખી થાઓ એ ભાવના સાથે. **ક્રમશ :**

**- તંત્રી, રમેશ દોશી 'નિમિત્ત'**

## યોગ્યને યોગ્ય સ્થાને

જગતમાં ચોમેરે એક જ બૂમ સંભળાય છે કે યોગ્યને યોગ્ય સ્થાન મળતું નથી. અયોગ્ય લોકો યોગ્ય સ્થાને બેસી ગયા છે. જેના હાથમાં જ્ઞાન રહેવું જોઈએ તેને સત્તા મળી છે; સત્તાવાળાને નોકરી મળી છે; કશી પણ યોગ્યતા વગર વંશપરપરાથી કોઈ શેઠ બની રહ્યો છે અને આજ્ઞા આપવાની લાયકાત ન હોવા છતાં તે આજ્ઞા આપે છે, અને જેણે આદેશ આપવો જોઈએ તે લોકો માથું નમાવી તેનો આદેશ પાળે છે!

દિવસે દિવસે આ તત્ત્વ વધતું જ રહ્યું છે; સાથે સાથે લોકોનો અસંતોષ પણ વધી રહ્યો છે અને એ અસંતોષના કારણે જેમના પ્રતિ તેમને અસંતોષ છે, એ લોકોમાં વ્યગ્રતા પણ વધી રહી છે. પરિણામ એ આવ્યું છે કે જેને નથી તે પણ સુખી નથી; જેને છે તે પણ સુખી નથી! આવી પરિસ્થિતિ પેદા થવાનાં કારણો જ્યારે કોઈક આત્મા શોધે છે; તે અંગે મંથન કરે છે અને સમાજ સામે રજૂ કરે છે; જેનો સાર એ જ હોય છે કે જે યોગ્ય હોય તેને યોગ્ય સ્થાન આપો! એ જ જીવનને સુખી કરવાનો તાળો છે.

પ્રવૃત્તિઓને લઈ એ........!

માણસને જોઈએ કેટલું? બહુ જ ડિલડોલવાળાને વધુમાં વધુ ખાઈ શકે સુવા માટે વધારેમાં વધારે જે જગ્યા જોઈએ તેનું માપ લઈએ! ખરેખર એણે એટલું જ મેળવવું જોઈએ, રાખવું જોઈએ. પણ, તેને એ ઘણી ક્ષુદ્રવાત લાગે છે. એટલે તે વધારે મેળવવા અને સાચવી રાખવા પ્રયત્ન કરે છે. એ બીજાના ભોગે પણ એ રીતે ફુગાતો જાય છે. પેટમાં અજીર્ણ થાય ત્યાં સુધી ઠાંસીને ભરનાર જેવી તેની સ્થિતિ છે; મકાનો એટલા બધા થઈ ગયા છે કે ભાડા ઉપજે તેવાં મકાનો તો ઠીક પણ સારસંભાળ ન લઈ તેવી મિલ્કતો પણ વધી ગઈ છે. પરિણામે, ફુગાવાનો બલૂન ફૂટે તેમ એક દિવસ એ એની વધારે પડતી ચિંતા કરતો ચાલી નીકળે છે. તેની જિંદગીના ભોગે અને બીજાનાં શોષણે ભેગી થયેલી એની માલ મિલ્કત બીજાઓ લઈ લે છે અને ઘણાં ખંડેરોના અવશેષો જોઈએ છીએ તેમ કેટલાક અવશેષો માત્ર રહી જાય છે. કાગડાઓ પણ ત્યાં ઊડતા નથી. દીવાઓ પણ ત્યાં બળતા નથી...!

એક બીજું ચિત્ર...!

બીજાને, જોઈએ તેટલુંયે મળતું નથી. તે જિંદગી આખી પેલા ફુગાવો પામતાને જોતો રહે છે. તેના શોષણનો એ ભોગ બનતો જાય છે... ધીમે ધીમે તેનો અસંતોષ માનવજાતિ તરફ તિરસ્કારમાં પરિણમે છે... એવી એક વ્યક્તિ બીજાને મળે છે. ટોળું ભેગું થાય છે... માણસની માણસ જાતિ તરફની ઘૃણા ઊભરાતી જાય છે. તે આગળ વધે છે... પ્રતિહિંસાના દ્રશ્યો ઊભાં થાય છે...! માણસને માણસ ફના કરી નાખે એટલી હદે શૈતાનિયત એનામાં આવી જાય છે...

ત્યારે...

એ બચેલાં અવશેષોમાંથી કોઈ પ્રચંડ શક્તિ ઊભી થાય છે. તે માણસાઈ ને જગાડે છે...! માણસ માણસ વચ્ચે વિશ્વાસ પૈદા કરાવે છે. ખપ પૂરતું માણસ રાખે એ ભાવનાને ફેલાવે છે. હળીમળીને સહુ રહે એવો સંદેશ આપે છે...! એટલું જ નહીં પેલાં ભગ્ન અવશેષો દેખાડીને કહે છે કે એને પામનારા પણ દુ:ખી હતા, ન પામનારા પણ દુ:ખી હતા!

કારણ...

એ પ્રવૃત્તિનો પાયો ખોટો હતો. કારણ કે ભૌતિક સુખોમાં માણસે પોતાનું બધું સુખ માની લીધુ હતું. પેલી ફુગાવા પામેલી વ્યક્તિ ખોટી રીતે લોકજીવનનો આદર્શ

બની અને સહુ એની પાછળ દોડ્યા કોઈકને જિંદગી પૂરી થઈ તોયે ભાન ન આવ્યું; કોઈકને પોણી ગઈ ત્યારે ખ્યાલ આવ્યો તો કોઈકને અંગારા હાથમાં લેતાં ખ્યાલ આવ્યો કે એ આદર્શ ખોટો છે, જિંદગીને દઝાડનારો છે. તેણે મનોમંથનો પ્રેર્યા, વિચારો ફેલાવ્યા અને સચેત કર્યા લોકોને...!

એક જ માર્ગ..........!

સાચું સુખ આધ્યાત્મિકતામાં છે, સંયમમાં છે, ન્યાયમાં છે, નીતિમાં છે, ધર્મમાં છે! એને જ જીવનમાં પહેલું સ્થાન અપાવું જોઈએ..! એના પ્રચારક અને પ્રેરક ખરા સંતોને પહેલું સ્થાન મળવું જોઈએ. બીજું સ્થાન છે ધર્મના માર્ગે પ્રેરાઈ ને ચાલતી લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓનું અને સંતોની પ્રેરણાએ એ માર્ગે વધનારા લોકસેવકોનું અને ત્રીજું સ્થાન છે લોકોનું અને તેમની ન્યાય-નીતિના માર્ગેની પ્રવૃત્તિઓનું.. અને છેવટે આવે છે સત્તા-શાસન-રાજનીતિ તેમજ એના સૂત્રધારોનું...! આવો ક્રમ પ્રવૃત્તિઓ અને વ્યક્તિઓનો કે વ્યક્તિઓના સંગઠનોનો હોવો જોઈએ. આ એક વિચારધારા ચિંતન-મંથનમાંથી પરિણમી છે અને તેને નામ આપવામાં આવ્યું છે...

અનુબંધ વિચારધારા.

અનુબંધની શાબ્દિક કલ્પના તો કંઈક અંશે કરી ચૂક્યો હતો પણ વધારે સ્પષ્ટ કરવા જ્યારે પૂ. સંતબાલજીને મેં કહ્યું ત્યારે એનું રહસ્ય મને બહુ જ નાની વાતમાં સમજાવી દીધું કે: ''જુઓ! આ માથું છે. તેનાથી વિચારવાનું કામ થાય; પગ છે તેનાથી ચાલવાનું થાય પણ માથેથી કોઈ ચાલે કે પગથી વિચારે તો તે અયોગ્ય ગણાય એટલું જ નહીં તેનાથી સરળ-સહજ જીવન વહેવાર ન થઈ શકે. એવી જ રીતે માથે પાઘડી શોભે અને પગે જોડા શોભે તેના બદલે પગે પાઘડી અને માથે જોડા કેવા લાગે? આજે જીવનમાં લોકોને અને પ્રવૃત્તિઓને આવું અયોગ્ય સ્થાન અપાઈ ગયું છે. તેને વ્યવસ્થિત કરતી વિચારધારા એ અનુબંધ વિચારધારા...... એની પ્રેરણા કોઈ વ્યક્તિ આપી શકે પણ યોગ્યાનુબંધ બેસાડવા માટે લોકોની સંગઠિત શક્તિ કામે લાગવી જોઈએ. એટલે સુસંગઠન ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.''

અને ખરેખર એ કેટલી જરૂરી છે તેનો ખ્યાલ તો એના ઉપરથી આવશે કે આજે સહુને એમ લાગે છે કે યોગ્ય-યોગ્ય સ્થાને નથી! આ મુદ્દાનાં પ્રવચનોનાં સંપાદનમાં મને ખરેખર આનંદ આવ્યો છે. એનું કારણ એ કે ઈતિહાસ-અનુભવના આધારે મંથનમાંથી પ્રગટેલી જીવન માટેની ઉચ્ચ વ્યવસ્થાનું આમાં વિચાર-દર્શન માત્ર નથી, પણ પ્રયોગમાં તેને ઢાળીને સફળતા મેળવેલી એ હકીકત છે. અને એ દ્રષ્ટિએ પૂ. સંતબાલજી અંગે મારી શ્રદ્ધા ઘણી વધી છે. એમના અંગે મારે કહેવું એ તો દીવો સૂરજને ધરવા જેવું છે. - **ગુલાબચંદ જૈન, મદ્રાસ, જૈન બોર્ડિંગ હોમ, તા.૩.૯.૬૨, ધર્માનુબંધી વિશ્વદર્શન ભાગ-૨**

## સર્વાંગી ક્રાંતિકાર સાધુ-સાધ્વી અને લોકસેવકો મળે તો!

**શ્રી. માટલીયાએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતા કહ્યું: ''અનુબંધ વિચારધારામાં સર્વાંગી ક્રાંતિકારની કલ્પના ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ ઉપર આરોપવામાં આવી છે. પણ, યુરોપનો ઈતિહાસ જેમણે વાંચ્યો છે તેમને આ વાત આકાશકુસુમવત અથવા ગાંડપણ લાગશે; કારણ કે ત્યાં ધર્મ અને રાજ્ય બન્ને લડ્યાં છે. મે અગાઉ જણાવ્યું હતું તેમ સો વર્ષમાં સત્તાવીશ લડાઈઓમાં ચૌદ વર્ષનું નાનું બાળક પણ છોડાયું નથી. છેવટે સંધિ થઈ તો પણ રાજાએ કોને પરણવું વ. બાબતો સુદ્ધા ધર્મગુરુઓ નક્કી કરે તેવી શરતો હતી. હોલેંડ, પોલેંડ, વગેરેએ કબૂલ્યું જ્યારે ઈંગ્લાંડે ન માન્યું. તે ઉપરાંત કેટલાયે રાજાઓ ધર્મની આ ડખલના કારણે પ્રોટેસ્ટેંટ મતવાળા પણ થઈ ગયા. ફ્રાંસ ચેકોસ્લોવેકિયા, વ.માં તાલુકદારો અને વેપારીઓ મળી ગયા. તેમણે ધર્મ કરતાં રાષ્ટ્ર મોટું એમ મનાવી રાષ્ટ્ર ઝનૂન ફેલાવ્યું. પછી રાજાઓ અને ધનિકોએ મળીને વૈજ્ઞાનિકોને ચઢાવ્યા. આમ ''ધર્મના હસ્તક્ષેપ વગર રાજ્ય ચાલવુ જોઈએ; ધર્મે કેવળ પરલોકની વાત કરવી જોઈએ. આ લોકની નહીં,'' તેમ યુરોપમાં મનાયું. આવો ઈતિહાસ અમને ભણાવવામાં આવેલો.

પણ સદ્ભાગ્યે આપણને વિશાળ અર્થમાં ધર્મ સંસ્કારો મળતા હોઈને એ ખાતરી છે કે જ્યાં શિવાજીને દોરનાર રામદાસ, કુમારપાળને દોરનાર હેમચંદ્રાચાર્ય, કોંગ્રેસને દોરનાર ગાંધીજી મળ્યા છે. એ પરંપરા રામયુગથી ચાલી આવે છે. જ્યાં રામને દોરનાર વશિષ્ઠ હતા.

એટલે જ આ દેશમાં ટ્રસ્ટીશીપની ભાવના ધર્મ અને સત્તામાં દાખલ કરવી હોય તો તે અશક્ય નથી જ. તે છતાં કેવળ ધર્મને નામે જવામાં જોખમ છે એનો પણ મારે ઉલ્લેખ કરવો જોઈએ. પક્ષો દ્વારા સાધુઓનો, ભક્તોનો, કીર્તિનકારોનો ઉપયોગ ખોટી રીતે થવાની આજની રાજકીય દશામાં પૂરી સંભાવના છે. કોઈપણ પ્રકારના આચરણ વગર દલાઈ લામા જેવા એશોઆરામનું જીવન ગાળનારા સાધુઓ; જેમણે કદિ વિજ્ઞાન તેમજ અધ્યાત્મિકતાનો મેળ કર્યો નથી; જો મેદાને પડશે તો તેઓનું સંગઠન; મૂડીવાદી, કોમવાદી કે સાધનશુદ્ધિમાં ન

માનનારાનાં સંગઠન સાથે ભળી જશે. પરિણામે જબલપુર, અલીગઢ જેવા તોફાનો ઊતરી આવશે અને લોકસેવકો સાધુઓનો વિરોધ કરતા રહેશે; અને એથી ચોમેર તોફાનોમાં આપણે તણાઈ જશું.

પંદર વર્ષના પ્રયત્નો પછી પણ હું માનું છું કે ગામડાઓમાં વંશપરંપરાગત એવી સાધુભક્તિ પડેલી છે કે ત્યાં લોકો મારૂં કહેવું તરત નહીં માને પણ સાધુઓ કહેતાં તરત માની લેશે. એટલે સાધુસંસ્થા આજે પ્રેરણા આપનારી જબરજસ્ત સંસ્થા છે. જો તે યુગનું ભાન રાખીને કાર્ય કરે તો ઘણું થઈ શકે તેમ છે.

એટલા માટે મુનિ શ્રી. સંતબાલજીએ આ સાધુશિબિરનું આયોજન કર્યું છે તે સમયસરનું છે એમ અંતઃકરણપૂર્વક લાગે છે. જે રામસૂરિશ્વરજી ૧૦૮ ચેલા મૂંડી ગણધર બનવાની કટ્ટર વાત કરતા હતા તે હવે માનવતાની વાત કરે છે. એટલે સર્વપ્રથમ વૈદિક જૈન સાધુઓ અને સાધ્વીઓએ ભેગા થઈ એ બાજુ બધાને ભેગા કરવા પડશે. તેમના માગદર્શનથી જ જનસેવકો કામ કરી શકવાના છે. એટલે આપણે આ શિબિરમાં નિમિત બન્યા તે બદલ મને તો પારાવાર સંતોષ થાય છે. આજે ભલે સાધુઓનો પ્રભાવ રાજ્ય ઉપર ન હોય પણ ભારતની સંસ્કૃતિમાં સાધુઓની મહત્તા આપોઆપ સ્વીકારાયેલી છે એટલે લોકો ઉપર તો તેમનો પ્રભાવ રહેવાનો જ છે. વેનરાજાએ અન્યાય કર્યો તો તેને દૂર કરાયો જ છે. કુરુવંશે ઋષિ સત્તાનો સ્વીકાર ન કર્યો તો તેનો અંતે નાશ થયો છે.

ભારતીય સંસ્કૃતિનો આ બધો ઈતિહાસ આપણને એ માનવા પ્રેરે છે કે જો લોક-સેવકો અને ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓની એકતા થઈ, લોકસંગઠન દ્વારા પ્રયત્ન કરવામાં આવે અને સાથોસાથ રાજ્યોનું અનુસંધાન રખાય તો જરૂર દેશ અને દુનિયાનાં રાજ્યો પર ધર્મના અસલી તત્ત્વનું પ્રભુત્વ આવે અને આવે જ. - **દુલેરાય માટલીયા, તા.૭.૧૦.૬૧, સાધુસાધ્વી શિબિર, માટુંગા, ''ધર્માનુબંધી વિશ્વદર્શન'' ભા.૨ માંથી સાભાર**

## ભિખારીઓનો ડૉક્ટર.......

શીર્ષક થોડું આશ્ચર્ય પમાડનારૂં છે, નહિં? સાંભળો ડોક્ટરના સ્વમુખે કહાનીઃ 'ઈ.સ. ૧૯૯૯માં મેં M.B.B.S. કર્યું પોતાનું દવાખાનું ખોલવા પૈસા નહોતા. ઘરેથી પૈસા માંગવામાં શરમ આવતી હતી. પેટ ભરવું કઈ રીતે? કોઈ દિશા સૂઝતી નહોતી.

આમ જ ફરતાં ફરતાં પૂના નજીક ખડકવાસલા પરિસરનાં એક ગામમાં એક વડીલ સાથે ભેટો થયો. મારી હકીકત જાણી તેમણે સૂચવ્યું, ''દવાખાનું તો થઈ જશે, તને ભગવાને પગ આપ્યા છે ને! ભર થેલીમાં દવાઓ અને આવી જા મારે ગામ. ઘેર ઘેર ફરીને હું લોકોને સમજાવીશ.''

થયું ત્યારે! ખરેખર મેં બે થેલીઓ ભરીને દવાઓ લીધી. એક થેલી પીઠ પર અને એક ખભા પર નીકળી પડ્યો. ખડકવાસલા બંધ પરિસરની ૧૨ વસાહતો અને ૧૦ ગામડાઓમાં હું જવા લાગ્યો. ઘરે ઘરે જઈને પૂછું. ''કોઈ બીમાર છે? કોઈને દવાની જરૂર છે?'' દવા આપતો અને મામૂલી ફી લેતો. આ રીતે પેટનો ખાડો પૂરાતો. ક્યારેક અપમાન થતું, ક્યારેક ચીડ ચઢતી, ક્યારેક ગુસ્સો પણ આવતો, પરંતુ ગુજરાન ચલાવવા એ બધું સહન કર્યે જ છૂટકો. આમાં ક્યારેક ભિખારીઓ પણ મળતા. પૂછતા 'તમે ડૉક્ટર છો?' જવાબ હકારમાં મળતા પોતાની શારીરિક તકલીફ જણાવતા અને હસતાં હસતાં ચાર-આઠ આનાં આપતા. હું ના પાડું તો કહેતા, ''સાહેબ! લઈ લો ભિખારી છીએ, પણ મફતમાં સારવાર નથી લેવી.'' મારા મનમાં થતું ભિખારી કોણ? મામુલી આવકમાંથી ફી આપતા આ ભિખારીઓ કે ફી લેનાર હું ડૉક્ટર?

હાલ ૨૦૧૭ની સાલ ચાલે છે. છેલ્લા સત્તર વર્ષથી આ રીતે આજીવિકા રળી, હવે હું સ્થિર થયો છું, ખડકવાસલમાં ઘર, દવાખાનું અને મોટર છે. પરંતુ મારી દિવાલો પર આજે પણ મને હસતા મુખડે ફી આપતા ભિખારીઓનાં ચહેરા દેખાય છે. એ ગરીબ દર્દીઓના દેનારા હાથ દેખાય છે.

આજે, જ્યારે હું મારી એ.સી. ગાડીમાં જતો હોઉં છું, ત્યારે પણ મારી નજર એ ભિખારીઓને શોધતી હોય છે. હવે મેં નક્કી કર્યું છે આ લોકોની ખુમારીનું ઋણ મારે ચૂકવવું જ રહ્યું તેથી કોઈ ચોક્કસ દિવસે, પહેલાંની જેમ દવાઓનાં થેલા લઈને હું નીકળી પડું છું એ દરિદ્રનારાયણોની સેવા કરવા, જેમણે મને ઠરીઠામ કર્યો. તેમને મળું, તેમની સાથે સંવાદ સાધું અને તેમની સારવાર કરૂં એકદમ મફતમાં.

સોહમ્ Social Health and Medicine Trust વયોવૃધ્ધ, બિમાર, તરછોડાયેલી વ્યક્તિઓને શોધી તેમની સારવાર કરે છે. જો તમને મારું આ કામ ગમતું હોય, તમારે તન અને ધનથી તેમની સેવા કરવી હોય તો જરૂર સંપર્ક કરજો. ડૉ. અભિજીત સોનવરે, Doctor for Beggars, Mob.9822267357.

**- પ્રેષક : મંજુ સાવલા.**

# એક સુંદર વિચાર ઘણા જરૂરીયાતમંદોનું ભાગ્ય બદલી શકે.

જીવન એટલે અનેક ખાટીમીઠી ઘટનાઓનો સરવાળો, બસ, પસંદગી આપણે જ કરવાની છે. જીવનને ગંભીરતાથી જીવીને ભારરૂપ બનાવી દેવી છે, કે હસતા-રમતા જીવી લેવી છે. થોડા વખત પહેલા વર્તમાન પત્રમાં મમળાવવા જેવો એક સુંદર કિસ્સો વાંચ્યો. ગયા વર્ષે મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાના લાસુરના વતની અજય મુનોતે તેમની દિકરીના લગ્ન એ રીતે કર્યા કે લાસુર અને તેની આસપાસના વિસ્તારના લોકોને એ લગ્ન યાદ રહી ગયાં. ના, અજય મુનોતે તેમની દિકરી શ્રેયાના લગ્ન મોટી ધામધૂમથી નહોતા કર્યા. ના તો તેમણે દિકરીને કરોડો રૂપિયાની મોંઘી ભેટ-સોગાદો આપી હતી. એને બદલે તેમણે કાંઈક જુદું જ કર્યું હતું.

અજય મુનોતે દીકરીનાં લગ્ન અગાઉ બાર ફુટ બાય વીસ ફુટના એક રૂમ-રસોડાવાળા નેવું મકાન બનાવ્યાં. સવા લાખ રૂપિયાની કિંમતનું એક એવા નેવું મકાન બનાવીને તેમણે અત્યંત ગરીબ અવસ્થામાં રહેતા લોકોને ભેટ આપી દીધાં! અજય મુનોત લાસુરમાં કાપડ અને અનાજનો વેપાર કરે છે. અને તેમની ૬૦ એકર જમીન પણ છે. તેમની દીકરીનાં લગ્ન વખતે તેઓ ધામધૂમ કરશે અને બધાને આંજી નાખશે એવું બધાને સ્વાભાવિક રીતે લાગતું હતું, પણ તેમણે એને બદલે કંઈક જુદું જ કરીને બધાને ચોંકાવી દીધા.

અજય મુનોતે દીકરી સાથે વાત કરી કે તારા લગ્નમાં ઝાકઝમાળ પાછળ મોટો ખર્ચ કરવાને બદલે ગરીબોને ઘર ભેટ આપવાનો મારો વિચાર છે ત્યારે તેમની દીકરી શ્રેયાએ પણ તેમની વાત વધાવી લીધી હતી. તેણે કહ્યું હતું કે મારી પાછળ ખર્ચ કરવાને બદલે સમાજ પાછળ કંઈક સારું નકકર કાર્ય કરશો તો મને વધુ આનંદ થશે. મારવાડી મુનોત પરિવારે આવા ગરીબ રેખાની નીચે જીવતા પરિવારોને ઘરની ભેટ આપતા અગાઉ બહુ ચકાસણી કરી હતી. તેમણે નક્કી કર્યું હતું કે તેઓ એવા લોકોને જ ઘરની ભેટ આપશે જે અત્યંત કંગાળ અવસ્થામાં ઝુપડાંમાં રહેતા હોય અને કોઈ પણ પ્રકારનો નશો ન કરતા હોય.

લાસુરના વેપારી અજય મુનોતે દીકરીનાં લગ્નમાં ખોટો ખર્ચ કરવાને બદલે નેવું કુટુંબોની જિંદગી સુખમય બનાવી. શ્રીમંતોનો એક પોઝીટીવ વિચાર ઘણા ગરીબોનું જીવન અકલ્પનીય રીતે બદલી શકે છે.

**- સૌ. ક.વિ.ઓ ખબર પત્રિકા**

# સૌથી પૈસાદાર કુટુંબ!

(આપણી સરકારો ભારતના નાગરિકો પર જીવન જરૂરી ચીજોની લહાણીઓનો મફત અને સબસીડીઓનો ધોધ વરસાવી રહી છે. અને તે મેળવી લેવામાં કૃતકૃત્યતાનો અનુભવ કરીને લોકો પોતાના નીજી સામર્થ્યનું ગૌરવ ખોઈ રહ્યા છે. ધનવાન કે નિર્ધન સૌ લાલચુ ભીખારીઓની એક જ પંક્તિમાં ખડા દેખાય છે.

તેવે વખતે અતિ કરકસર કરીને એક ગરીબ ઘરની મા-બેટીઓ બીજા જરૂરતમંદોને સાચી મદદ કરી, છુટવામાં કરેલું ગૌરવ અનુભવે છે અને કશું એ દાન પ્રાપ્ત થયાની સ્થિતિમાં કેવી અકથ્ય-અસહ્ય માનસિક પીડા અનુભવે છે. તે દર્શાવતી એક ઉત્તમ કૃતિ મને ''આરપાર'' ના કોઈ એક જૂના અંકમાંથી ''સૌથી પૈસાદાર કુટુંબ'' વાંચવા મળી, તે કાપીને ફરી છાપવા મૂળ લેખકના સૌજન્યના ઉલ્લેખ સાથે મોકલું છું. આજની પરિસ્થિતિમાં વાંચકો માટે તે એક ઉત્તમ સંદેશ બની રહેશે.)

૧૯૪૬ની સાલની આ વાત છે. પરદેશના એક નાનકડા ગામમાં એક વિધવા એની ત્રણ દીકરીઓ જોડે રહેતી હતી. મોટી દીકરી ૧૬ વરસની, વચલી ૧૪ વરસની અને સૌથી નાની ૧૨ વરસની બે દીકરાઓ હતા. પણ યુવાન થયા બાદ બંને ઘર છોડીને ચાલ્યા ગયેલા. પાંચેક વરસ પહેલાં મૃત્યુ પામેલો પતિ ગરીબાઈ, છોકરાંઓની લંગાર અને અસહ્ય હાડમારી સિવાય બીજું કંઈ મૂક્તો નહોતો ગયો. દુનિયામાં  ઘણી બધી વસ્તુઓ વગર ચલાવીને પણ આનંદથી જીવી શકાય તે આ મા-દીકરીઓને બરાબર આવડી ગયું હતું. અત્યંત હાડમારીઓની વચ્ચે પણ એમના દિલમાં ભગવાન પ્રત્યે ખૂબ જ શ્રધ્ધા હતી. દર રવિવારે એ લોકો સામૂહિક પ્રાર્થનામાં અચૂક હાજરી આપતા.

એક રવિવારે પાદરીએ ચર્ચમાં હાજર દરેક જણને પૈસા બચાવવાની તાકીદ કરી અને જણાવ્યું કે ત્રણ અઠવાડિયાં પછી આવી રહેલા ઈસ્ટરના તહેવારમાં જે પૈસા દાનમાં એકઠા થશે તેમાંથી એ ગામના સૌથી ગરીબ કુટુંબને મદદ કરવામાં આવશે.

પ્રાર્થના પૂરી થયા પછી ઘરે પાછા ફરતી વખતે મા-દીકરીઓએ પૈસા કેવી રીતે બચાવવા તેની યોજના નક્કી કરી નાખી. પોતાના તરફથી પણ એ ગરીબ કુટુંબને બની શકે તેટલી સહાય કરી શકાય તે માટેના પ્રયત્નો શરૂ કરી દીધા. એ વીસ દિવસ એમના માટે જાણે ઉત્સવના દિવસો હતા. લીલાં શાકભાજીને તિલાંજલિ આપીને એમણે ફક્ત બટેટાનું શાક બનાવવાનું શરૂ કર્યું. રાત્રે વહેલાં સૂઈ જઈને

લાઈટની જેટલી બચત થઈ શકે તેટલી કરવી એવું પણ નક્કી કર્યું. મોટી દીકરીએ ઘરના વાડા સાફ કરવાની તેમજ નાની દીકરીએ આજુબાજુના લોકોના બાળકોને સાચવવાની કામચલાઉ નોકરી શરૂ કરી. પેલી સ્ત્રીએ શણના રેસામાંથી ટપાલ રાખવાની સરસ મજાની કોથળીઓ બનાવીને વેચવાની શરૂ કરી. ત્રણેયના મગજ પર એક જ ધૂન સવાર હતી કે બને તેટલા પૈસા બચાવી પેલા ગરીબ કુટુંબને મદદરૂપ થવું.

ઈસ્ટરને ચાર દિવસની વાર હતી ત્યારે એમણે બચતના પૈસા ગણ્યા. પૂરા ૮૭ ડોલર (લગભગ ચાર હજાર રૂપિયા) ભેગા થયા હતા. ત્રણેય દીકરીઓ તો ખુશીથી નાચવા લાગી. આટલા બધા પૈસા તો એ લોકોએ પણ એકસાથે ક્યારેય નહોતો જોયા. આ પૈસા મળશે ત્યારે પેલું ગરીબ કુટુંબ કેટલું ખુશ થશે એ વિચારથી જ એમનો આનંદ ક્યાંય સમાતો નહોતો. ત્રણેય બહેનો બાજુની કરિયાણાની દુકાને જઈને છૂટા પૈસાની જગ્યાએ ૨૦ ડોલર્સની ચાર અને એક એક ડોલરની સાત નવીનક્કોર નોટ લઈ આવી. એ લોકોએ એ વરસે ન તો નવાં કપડા સીવડાવ્યાં કે ન નવા બૂટ લીધા. જૂનાં કપડાંને હાથસિલાઈ કરી લીધી અને બૂટની અંદર પૂંઠાનું પેકિંગ કરી થોડા વધારે દિવસ ચાલે એવા બનાવી દીધા.

એમ કરતાં ઈસ્ટરની આગલી રાત આવી પહોંચી. હરખની મારી ત્રણેય બહેનોની ઊંઘ જ જાણે ઊડી ગઈ હતી. સવારે ખૂબ વહેલાં ઊઠી ઘરનું કામ પતાવીને ચારેય નીકળી પડ્યાં. ચર્ચ તેમના ઘરથી એકાદ કિલોમીટર દૂર હતું. ગીતો ગાતાં અને આનંદથી કૂદતાં એ લોકો ક્યારે ચર્ચમાં પહોંચી ગયાં એનો એમને ખ્યાલ જ ન રહ્યો. ત્યાં હાજર બધા લોકો એમનાં જૂનાં કપડાં અને તૂટેલાં જોડાની મુંગી નોંધ લઈ રહ્યાં હતાં એનાથી પણ ચારેય અજાણ હતાં. એમના મનમાં તો બસ પેલા ગરીબ કુટુંબને મદદરૂપ થવાની રીતસરની તાલાવેલી જ લાગી હતી. આખરે એ ઘડી આવી પહોંચી. સમૂહ પ્રાર્થના પછી ગરીબોને મદદ કરવાની રકમ એકઠી કરવા માટેનો થાળ ફેરવવામાં આવ્યો. આ લોકો પાસે એ થાળ પહોંચ્યો ત્યારે માતાએ ૨૭ ડોલર નાખ્યાં અને દરેક બહેને વીસ વીસ ડોલરની નોટ નાંખી. જાણે જિંદગીનું કોઈ મહાન સ્વપ્ન સિધ્ધ થઈ ચૂક્યું હોય તેવો રોમાંચ ચારેય જણ અનુભવી રહ્યાં હતાં. ચર્ચમાંથી નીકળ્યા પછી જે રીતે ગીતો ગાતાં ગાતાં એ લોકો આવેલાં એમ જ નાચતાં ગાતાં ઘરે પાછાં ફર્યા. જે કુટુંબને આ પૈસા મળશે તે કેટલું ખુશ થશે એ વિચાર એમને વારંવાર રોમાંચિત કરી મૂકતો હતો. એ રાત્રે ખૂબ જ વરસાદ પડ્યો. બધાં ખૂબ વહેલાં સૂઈ ગયાં. સવારે કોઈ વાહનના હોર્નના અવાજથી એ લોકો જાગી ગયાં. પેલી સ્ત્રીએ બારણું ખોલીને જોયું તો પાદરી ઊભા હતા. અભિવાદન પછી એમણે આ સ્ત્રીને એક કવર આપ્યું અને વિદાય લીધી. પેલી સ્ત્રીએ કવર ખોલ્યું. અંદર એક ચિઠ્ઠી અને એકસો ડોલરની નોટો હતી. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, ''આપણા ગામના સૌથી ગરીબ કુંટુંબને ચર્ચની ઈસ્ટરસહાય યોજના પેટે'એ લોકો માથે જાણે વીજળી પડી. મા-દીકરીઓ ચારેય સ્તબ્ધ થઈ ગયાં. ઘણા સમય સુધી ચારમાંથી કોઈ કાંઈ ન બોલ્યું. ૮૭ ડોલર આપતી વખતે પોતાને સૌથી સમૃધ્ધ ગણતાં એ ચારેય એક ઝાટકે ગરીબીની રેખા નીચે ધકેલાઈ ગયાં હતાં. આજ સુધી દરેક અભાવની વચ્ચે એ લોકો એવી સરસ રીતે જીવ્યાં હતાં કે કોઈ અભાવ ક્યારેય સાલ્યો નહોતો. પેઢીઓથી ઘરમાં સચવાયેલાં ચાંદીના વાસણો આજુબાજુવાળાને એ લોકો સારા પ્રસંગોએ વાપરવા પણ આપતાં. ક્યારેક આડોશી-પાડોશીને એ લોકો નાની-મોટી મદદ પણ કરતાં. પોતે ખરેખર ગરીબ છે એવી તીવ્રતાપૂર્વકની અનુભૂતિ એ લોકોને આ પ્રથમ વખત જ થઈ હતી. માતા તેમજ દીકરીઓ એકબીજાને વળગી ખૂબ જ રડ્યાં. આઠ દિવસ સુધી એકેય બહેન નિશાળે પણ ન ગઈ. ત્રણેય બેહેનો પોતપોતાના ક્લાસમાં પ્રથમ નંબરે આવતી પણ હવે પોતે ગામમાં સૌથી ગરીબ છે એ વાતની એમને શરમ આવતી હતી. કોઈ પોતાની સામે જુએ તો ત્રણેય બહેનો નીચું જોઈ જતી. પોતે સૌથી ગરીબ છે તેવો ભાવ એમના રોમેરોમમાં જાણે કે આલેખાઈ ગયો હતો. ત્યારપછી એક મહિના સુધી એ લોકો ચર્ચમાં જ ન ગયાં.

એક દિવસ ચર્ચમાંથી ગામના માણસોજોગ ફરમાન બહાર પાડવામાં આવ્યું કે, 'રવિવારે આફ્રિકાથી મહેમાન તરીકે આવેલ ફાધર ગામલોકો સાથે વાત કરવા માંગે છે એટલે સૌએ હાજર રહેવું.' ચર્ચમાં જવાની ઈચ્છા ન હોવા છતાં આ વખતે તો ગયા વગર છૂટકો જ નહોતો. ક-મને એ લોકો રવિવારે ચર્ચ તરફ જવા ઘરેથી નીકળ્યાં. આ વખતે ન તો એમના પગમાં ચાલવાનો જરાકેય ઉત્સાહ હતો કે નહોતા એમના કંઠમાં એકેય ગીત! ફરજ પૂરી કરવાના આશયથી જ એ લોકો યંત્રવત્ ચાલતાં હતાં. ઈસ્ટરના દિવસે જે રસ્તો આંખના પલકારામાં કપાઈ ગયેલો એ જ રસ્તો આજે એમને કંઈ કેટલાય ગાઉ લાંબો લાગ્યો. ચર્ચ તો જાણે માંડ આવ્યું. ચર્ચમાં હકડેઠઠ ભીડ હતી. બાળકોથી માંડી વૃધ્ધો સુધીની દરેક વ્યક્તિ હાજર હતી. સમય થતાં આફ્રિકાથી આવેલ વૃધ્ધ પાદરીએ ભાષણ આપ્યું. ભાષણના અંતે એમણે આફ્રિકામાં જે પ્રદેશમાં એ કામ કરતા હતા એ ચર્ચ માટે સહાયની ટહેલ

નાંખી આફ્રિકાનું એ ચર્ચ લાકડા તેમજ ઘાસનું બનેલું હતું અને લગભગ સૌએક ગરીબ કુંટુંબને આશરો આપતું હતું. જો અહીંના રહેવાસીઓ ૧૦૦ ડોલર જેટલી મદદ કરે તો એમાંથી છાપરું બની જાય તેમ હતું. પોતાની વાત પૂરી કરીને પાદરીએ ચર્ચમાં દાન માટેની પેટી ફેરવવાનું કહ્યું. લોકોમાં ગણગણાટ શરૂ થઈ ગયો. હજુ તો મહિના પહેલાં ઈસ્ટરમાં એ લોકો મદદ કરી ચૂક્યા હતા. હવે વારંવાર પૈસા કાઢવા કઈ રીતે એવી ધીમી ઘુસપુસ સંભળાવા લાગી. ઈચ્છા ન હોવા છતાં એ લોકો કંઈક ને કંઈક નાખતા હતા. દાનની પેટી ફરતી જ્યારે આ ચારેય મા-દિકરીઓ પાસે આવી ત્યારે માતાએ પોતાના કોટમાંથી એક કવર પરબીડિયું કાઢ્યું અને મોટી દીકરીને આપ્યું. મોટીએ વચલીને અને વચલીએ નાનીને આપ્યું. નાની દીકરીએ એ કવર દાનપેટીમાં નાખી દીધું. ચર્ચમાં ફેરવ્યા પછી દાનપેટીને ખોલવામાં આવી. તેમાંથી એક જ પરબીડિયામાં સહાયની ૮૭ ડૉલરની મોટી રાશી મુકાવેલી મળી. પણ તેમાં કોઈ એક ઉદાર અને પૈસાદાર દાનવીરનું નામ લખાયેલું પાદરીને ઈચ્છવા છતાં જાણવા ન મળ્યું.

**- સૌ. લાભુભાઈ પટેલ, માલપરા**

## રાજધર્મ

રાજા માળી સમાન હોવો જોઈએ. બાગમાં છોડ સુકાવા લાગે તો માળી એને જળ સીંચે છે. બીજું, બાગના ક્યારાઓમાં ફેલાયેલો અનાવશ્યક કચરો તે કાઢી નાખે છે. અને ત્રીજું, છોડ જો વધારે પડતો વધી જાય અને બાગની શોભામાં બાધક બને તો માળી એની છટણી કરે છે. માળી બાગમાંથી ફૂલોને ચૂંટી ચૂંટી કોઈ શુભનાં ચરણોમાં ધરી દે છે અને ફળને વિતરિત કરે છે. રાજધર્મ એ છે કે પોતાના રાજ્યમાં, પોતાના રાષ્ટ્રમાં જે છોડવાઓ સુકાઈ રહ્યા છે, જે દીન-હીન અને પીડિત સમાજ છે તેનું સિંચન થાય. જે ઘરને છાપરું નથી તેને છત મળે, રોટી નથી તેને રોટી નસીબ થાય અને ઠંડીમાં જે ઠુંઠવાય છે તેને ધાબળો મળે. **- મોરારિબાપુ**

## જસ્ટ, એક મિનિટ...

ટાઈટેનિક જહાજ ડૂબ્યું ત્યારે એની નજીકમાં બીજાં ત્રણ જહાજ હતાં. સેમ્પોન નામનું એક જહાજ ટાઈટેનિકથી સાત માઈલ દૂર હતું. ટાઈટેનિકમાંથી છોડવામાં આવતી ભયનો સંકેત આપતી સફેદ, અગનજ્વાળા સેમ્પોનના ખલાસીઓએ જોઈ, પરંતુ એ સીલ નામના જળચરનો ગેરકાયદે શિકાર કરતા હતા આથી પકડાઈ ન જવાય એ માટે જહાજને ટાઈટેનિકથી વિરુદ્ધ દિશામાં હંકારી ગયા.

કેલિફોર્નિયન નામનું જહાજ ટાઈટેનિકથી ૧૪ માઈલ દૂર હતું. આ જહાજના કૅપ્ટને પણ ટાઈટેનિકમાંથી છોડાતા સિગ્નલ જોયા, પરંતુ આજુબાજુ બરફ બહુ હતો. વળી, કાળી ડિબાંગ અંધારી રાત હતી. સંજોગો વિપરીત હતા આથી એમણે સવાર સુધી રાહ જોવાનું પસંદ કર્યું.

કાર્પેથિયા નામનું જહાજ ટાઈટેનિકથી ૫૮ માઈલ છેટે હતું. વિપરીત સંજોગોની પરવા કર્યા વગર સિગ્નલ જોતાં જ આ જહાજના ખલાસીઓએ બને એટલી ઝડપે ટાઈટેનિક સુધી પહોંચીને ટાઈટેનિકના અનેક પ્રવાસીને બચાવી લીધા.

આ ઘટનાનાં તારણ: પ્રથમ જહાજ એવા લોકો વિશે નિર્દેશ કરે છે કે જે પોતાના સ્વાર્થમાં એટલા ગળાડૂબ હોય છે કે બીજા લોકોની જરૂરિયાતને એ લોકો અણદીઠી કરી દે છે. બીજું જહાજ એવા લોકોનું પ્રતીક છે, જે બીજા મદદ માગે ત્યારે કહેતા હોય છે કે હમણાં નહીં, સંજોગો બરાબર નથી, રાહ જુઓ, બધું બરાબર થઈ જાય પછી વાત... જ્યારે ત્રીજું જહાજ જાણે આપણને કહે છે: અવરોધ અને જવાબદારીમાંથી છટકવાનાં કારણો તો હોવાનાં, પણ જે આ પડકારને ઝીલી લે છે એ વિપરીત પરિસ્થિતિમાંય રસ્તો શોધી લઈને બીજાને મદદરૂપ બને છે ને કાર્યને સારો અંજામ આપે છે.

**- રાજુ અંધારિયા, સૌ. ચિત્રલેખા**

## ગોરક્ષાનું પ્રતિક બન્યુ ગામ તરનોદ

આજે આખા દેશમાં ગોમાતાના સંદર્ભમાં માહોલ એકદમ ગરમ છે. ગોમાતાને લઈને રાજકારણ ગરમ થવા લાગ્યું છે. અમુક લોકો ગાયની રક્ષા માટે આગળ આવી રહ્યા છે ત્યારે કેટલાક લોકો પોતાની કમાણીનો સ્ત્રોત બનાવીને એનો વિરોધ કરી રહ્યાં છે. આ પરિસ્થિતિમાં તરનોદ ગામના લોકોએ ગોરક્ષાની દિશામાં કરેલું કામ ખૂબ સરાહનીય અને અનુકરણ યોગ્ય છે. લોકોના મનમાં ગાય માતા પ્રત્યે આસ્થા તો છે પણ ગોમાતાની સેવાનું કાર્ય કોઈને કરવું નથી તેથી ઠેર ઠેર ગાયો રખડતી જોવા મળે છે અને એની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે આનાથી આપણી ખેતીવાડીને પણ પુષ્કળ નુકસાન થઈ રહ્યું છે. આ પરિસ્થિતી શું યોગ્ય છે ?

ગામવાસીઓએ મંદિરમાં એકઠા થઈ સંકલ્પ કર્યો કે ભટકતી-રઝળતી ગાયોમાંથી, દરેકે ઘર દીઠ એક ગાય પાળવી આનો કેટલાક લોકોએ ચારાના ખર્ચનું બહાનુ

બતાવી વિરોધ કર્યો ત્યારે ત્યાંના સરપંચશ્રી હરબાર સિંહે કહ્યું કે ચારાનો ખર્ચ ગામ ભોગવશે પરંતુ ગાય તો તમારા આંગણે જ બંધાશે. જેઓ આની સાથે સહમત ન હોય તેમનો ગામલોકો સામાજીક બહિષ્કાર કરશે, તેમને ગામના કોઈ કાર્યક્રમમાં બોલાવવામાં નહિ આવે અને તેઓના દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં કોઈ ગામવાસી ભાગ નહિ લે. આની જાદુઈ અસર થઈ અને બધા ઘરોમાં ઓછામાં ઓછી એક રખડતી ગાય પળાતી થઈ ગઈ. આને લીધે ગામ રખડતી ગાયોથી મુક્ત બન્યું.

જો બધા ગામવાસીઓ તરનોદ ગામનું અનુકરણ કરે તો કમ સે કમ ગામડાઓમાં તો એક પણ રખડતી ગાય જોવા નહિ મળે.

**(ઈન્ટરનેટ પરથી) પ્રેષક : શાંતિલાલ ગડા.**

## સચ્ચી પુકાર

હસન બસરી ઈલ્મી હતા. ઘણી ગૂઢ વિદ્યાઓના જાણકાર. એકવાર હસન સંત રાબિયાને મળવા આવ્યા, રાબિયાની પરીક્ષા કરવાનું મન લઈને! હસને નદી પર નમાજની ચટાઈ બિછાવી કહ્યું: 'આવો રાબિયા, આપણે આ ચટાઈ પર બેસી નમાજ પઢીએ.' રાબિયા સમજી ગઈ, હસનનું અભિમાન દૂર કરવા માટે તેણે પોતાની ચટાઈ હવામાં ઉછાળી અને કહ્યું: 'આવો હસન, આપણે આકાશમાં ઊંચે રહેલી ચટાઈ પર નમાજ પઢીએ કારણ કે તેને કોઈ જોઈ શકે એમ નથી.' હસનનો ગર્વ ઓગળી ગયો. તેને હતાશ થયેલ જોઈ રાબિયાએ કહ્યું: 'જુઓ, હસન! તમે કર્યું એ તો એક માછલી યે કરી શકે છે અને મેં કર્યું એ તો એક માખી પણ કરી શકે છે. મૂળ વાત તો આ બંનેથી ક્યાંયે ઊંચી છે. એ મૂળ વાત છે: કશી સિદ્ધિના દાવા કે પ્રસિદ્ધિના મોહ વિના સાચા દિલથી કરેલી પ્રાર્થના. એ પ્રાર્થના સાતેય સ્વર્ગ ભેદીને સીધી જ પ્રભુના દરબારમાં પહોંચાડી દે છે.' દિલની પ્રાર્થના એ જ સચ્ચી પુકાર. જીવનમાં હર ક્ષણ પ્રત્યેક કાર્ય સાથે થઈ શકે, ન જગ્યા રોકે કે ન જથ્થો... સચ્ચી પુકાર હૈ, તો બેડા પાર હૈ.

**- ભદ્રાયુ વછરાજાની**

## ''મરીને જીવાડો''

જીવમાત્રામાં જીવવાની ઈચ્છા તીવ્રપણે વળગેલી હોય છે, અને કુદરતે રચના એવી કરી છે કે, જીવવા માટે બીજા જીવને હણવા જ પડે. હવામાં જીવો છે. શ્વાસ લેતાં જ હવાના જીવો હણાયા. પાણીમાં જીવ છે, તરસ લાગી, પાણી પીધું. પાણીના જીવ હણાયા. ભૂખ લાગી, ખોરાક ખાધો. ખોરાક માટેની બધી જ ચીજો બનાવવામાં જીવો હણાયા જ હોય છે. કેવળ માંસાહારમાં જ જીવ હણાય છે એવું નથી. અનાજ, દૂધ, કપાસ, શેરડી વગેરે ખેતીની પેદાશ કરવામાં પણ માટીના, પાણીના, હવાના અગ્નિ કે પ્રકાશના જીવો હણાતા હોય છે.

જીવમાત્રના જીવન માટે બીજા જીવનું મૃત્યુ અનિવાર્ય છે. બધા જીવોમાં વધુમાં વધુ વિકાસ પામેલો જીવ મનુષ્યનો છે. વળી મનુષ્ય સિવાયના બીજા જીવો પશુ પંખી જીવ જંતુ વનસ્પતિ પાણી પૃથ્વી વગેરેના જીવો અનુકરણથી જીવે છે. જ્યારે વિકાસ પામેલો એવો મનુષ્યનો જીવ છે એની બધી ઈંદ્રિયો પણ વિકાસ પામેલી તો છે જ. ઉપરાંત એનામાં બુદ્ધિ હોવાથી એ સ્વતંત્ર વિચાર કરવાની ક્ષમતા ધરાવે છે.

એટલે માણસજાતે વિચાર્યું કે જીવવું તો છે પણ બીજાને માર્યા વિના પણ જીવી શકાય તો સારું. અને એથી આગળ જઈને પણ વિચાર્યું કે બીજા જીવને પણ જીવવું ગમે છે તો એના જીવનને બાધક તો ન જ બનવું પણ એ જીવનો પણ વિકાસ થાય એનું પણ કલ્યાણ થાય એ રીતે. મતલબ સ્વવિકાસ સાથે પર વિકાસ-વ્યક્તિ કલ્યાણ સાથે સકળ જીવસૃષ્ટિના કલ્યાણનો વિચાર સાથે રાખીને જીવવું. અને એમ જીવવું હોય તો જીવવાની રીત - જીવન પદ્ધતિમાં પરિવર્તન પણ કરવું પડે.

આમાંથી જીવનસાધના શરૂ થઈ. ''મારીને જીવો'' એ સૂત્ર ગયું. ''જીવો અને જિવાડો'' એ સૂત્ર પણ કાળગ્રસ્ત બન્યું. ''જિવાડો અને જીવો'' એ યુગમાં આપણે જીવી રહ્યા છીએ. અને હવે વિજ્ઞાન તેમજ ટેકનોલોજીની ઝડપ જોતાં કેટલાક જીવનસાધક વ્યક્તિઓ ''મરીને જિવાડો'' સૂત્રને સાર્થક કરવા મથે છે. કારણ કે, માણસજાતની હાલની જીવનપદ્ધતિ એવી છે કે, માણસે પોતે હવે જીવવું હોય તો એણે બીજા જીવને જીવવા જ દેવા પડે એમ છે. સ્થિતિ એવી છે કે, બીજા જીવોની રક્ષા કર્યા વિના હવે માણસજાત પણ જીવી શકે એમ નથી.

આ વાસ્તવિક પરિસ્થિતિનો તકાજો છે. અને એમાંથી જ વ્યક્તિચેતના સાથે સમાજની ચેતનાને પણ જગાડવાની અનિવાર્યતા પણ પેદા થઈ છે. આ વસ્તુ જેમને સમજાઈ છે તેવી વ્યક્તિઓ વ્યક્તિ પરિવર્તન સાથે સમાજ પરિવર્તનની વાત પણ સાંકળીને જ ચાલે છે. અને સમાજ પરિવર્તનની વાત આવે છે ત્યારે એવા પરિવર્તન માટે ચાલકબળ-ગતિશીલબળ તરીકે ચાર પરિબળોને સાંકળવાં પડે છે.

૧. **અધ્યાત્મબળ :** જેનો પાયો માનવધર્મ છે. અને એમાં અહિંસા તપ અને સંયમ મુખ્ય છે. આ બળ સાચા સાધુઓમાં મુખ્યપણે હોઈ શકે. કારણ કે એમણે એની સાધના કરી હોય છે.

૨. **નૈતિકબળ :** જેનો પાયો સદાચાર અને સેવાપ્રવૃત્તિ છે. આ બળ સેવાવૃત્તિવાળા સેવક વર્ગમાં મુખ્યપણે હોઈ શકે.

૩. **સામાજિકબળ:** જેનો પાયો ઘડાયેલા લોકોનું શિસ્તબદ્ધ સંગઠન છે.

૪. **શાસનબળ :** વર્તમાન યુગમાં અને ભારતની વાત કરીએ તો લોકલક્ષી લોકશાહીનું શાસન છે.

આ ચારે પરિબળનું સંકલન થાય અને પરસ્પરની મર્યાદાઓ સમજી સહયોગ લેવાય તો વ્યક્તિ પરિવર્તન સાથે સમાજ પરિવર્તન પણ થતું રહે.

આમાં પ્રથમ જવાબદારી સાધુસંતોની જ ગણાય. કારણ કે એમની ચેતના વધુમાં વધુ વિકાસ પામેલી હોય. અને એમના હાથપગ રૂપે સેવક વર્ગની જવાબદારી ત્યાર પછી બીજા નંબરે જ ઊભી થાય છે.

**- દુલેરાય માટલિયા, ''સંસ્કૃતિ રક્ષા કાજે'' પુસ્તકમાંથી.**

## વિનામૂલ્યે જ્ઞાનની સરવાણી

આજના યુવાનો નવીનતાના માર્ગે છે. સમજદારીપૂર્વક કામ કરે છે અને સમાજને ઉપયોગી બને છે. ઘણી વાર સાંભળવા મળે કે લગ્નમાં બિનજરૂરી ખર્ચો ટાળીને એક દંપતીએ સમૂહ લગ્ન કરાવ્યાં. બર્થ-ડે પાર્ટીની ખર્ચાળ ઉજવણીની જગ્યાએ સમાજને ઉપયોગમાં આવે તેવું હેતુલક્ષી કાર્ય કર્યું. મોરબીનું રાંકજા દંપતી પણ કંઈક આવું જ કાર્ય કરે છે. આરતી રોહનનો જ્યારે ૨૪મો જન્મદિન હતો ત્યારે તેણે ૨૪૦૦ પુસ્તકોની લાઈબ્રેરી બનાવીને સમાજને અર્પણ કરી.

આ કાર્ય માત્ર અર્પણ કરી દેવાથી નથી અટકતું પણ મોરબીમાં કોઈ ફોન કરીને પુસ્તક મગાવે તો તેના ઘર સુધી પહોંચાડવાની પણ જવાબદારી આ લાઈબ્રેરીએ ઉપાડી છે. આ લાઈબ્રેરીમાંથી કોઈ પણ વ્યક્તિ પુસ્તક મગાવી શકે છે અને આ સેવા મફતમાં આપવામાં આવે છે. આરતી કહે છે કે, ''જ્યારે મારા પતિએ મને મારા બર્થ-ડે પર પાર્ટી આપવાનું કહ્યું ત્યારે મેં તેમને મારો વિચાર રજૂ કર્યો કે આપણે એક એવી લાઈબ્રેરી બનાવીએ જેથી જે લોકો પુસ્તક નથી ખરીદી શકતા એ વાંચી શકે. તેમણે તરત હા પાડી અને ગુજરાતના શ્રેષ્ઠ કહી શકાય તેવાં ૨૪૦૦ પુસ્તકો લાવી આપ્યાં. આ પુસ્તકાલયનું નામ અમે બુક બનિયન આપ્યું છે.'' હાલ તો આ અભિયાન મોરબી પૂરતું જ છે પણ તેમનું કહેવું છે કે આગામી સમયમાં સમગ્ર ગુજરાતમાં આ કાર્યને લઈ જવું છે. તમે મોરબીના હોવ તો તમે પણ ૯૭૨૭૦૩૭૨૩૭ પર ફોન કરીને વિનામૂલ્યે જ્ઞાનની ભૂખ સંતોષી શકો છો.

**- અભિયાન માંથી સાભાર**

## ઈશ્વરનો સંદેશ સાંભળવા સતર્ક રહો

એક દફ્તરની બહાર કેટલાક લોકો બેઠા હતા. ધ્વનિવિસ્તાર યંત્રના ચાલક તરીકે તેમાંથી કોઈ એકની પસંદગી થવાની હતી. તે બધા ઉમેદવારો નકામી ચર્ચામાં ડૂબેલા હતા. ત્યાં તો ધ્વનિવિસ્તાર યંત્ર પરથી ધીમે ધીમે ખટખટ અવાજ આવવો શરૂ થયો પણ તે બધા પોતપોતાની વાતોમાં એટલા તો મશગૂલ અને ડૂબેલા હતા કે તેના ધીમે ધીમે થતા સંકેતો તરફ તેમનું ધ્યાન જવું અશક્ય હતું. પણ એક યુવાન તે બધાથી દૂર એક ખૂણામાં એકલો બેઠો હતો. તે એકદમ ઊઠ્યો અને દફ્તરની અંદર ગયો. બાકીના કોઈએ તેને ઊઠતા કે દફ્તરની અંદર જતા જોયો પણ ન હતો. તેની તરફ તે બધાનું ધ્યાન ત્યારે ગયું. જ્યારે તે હસતો હસતો નિયુક્તિપત્ર હાથમાં લઈ થોડી વારમાં બહાર આવ્યો. બધા અવાક્ થઈ ગયા હતા. અને ગુસ્સામાં આવી તેઓએ પેલા યુવકને પૂછ્યું: ''મહાશય, તમે સૌથી પહેલાં અંદર કેમ ગયા? અમે બધા તો તમારાથી ખૂબ પહેલાં અહીં હાજર છીએ. અમારા બધાની મૂલાકાત લીધા વગર તમારી નિયુક્તિ કઈ રીતે થઈ શકે? આ કેવી છેતરપિંડી છે ? આ તે કેવો અન્યાય ?''

આ સાંભળી તે યુવક હસવા લાગ્યો હતો અને બોલ્યો હતા: ''મિત્રો, એમાં મારો શો દોષ ? તમારામાંથી કોઈની પણ નિમણૂક થઈ શકત શું તમે ધ્વનિવિસ્તાર પર મોકલવામાં આવેલો સંદેશો નહોતો સાંભળ્યો ? તે બધા એકસાથે બોલી ઉઠ્યા હતા ''કેવો સંદેશો ?'' ત્યારે તે યુવકે તેમને કહ્યું હતું, ''ધ્વનિવિસ્તાર યંત્ર પર જે ખટ-ખટ અવાજો આવી રહ્યા હતા, તેની મારફતે સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું હતું: ''હું એક એવી વ્યક્તિને પસંદ કરવા માગું છું જે હંમેશા સાવધાન અને સચેત હોય. જે વ્યક્તિ બધાથી પહેલી આ સંદેશો સાંભળી દફ્તરમાં આવશે તેને માટે નિયુક્તિ પત્ર તૈયાર કરી રાખવામાં આવ્યો છે.''

પરમાત્માના સંદેશાઓની દરેક ક્ષણે વર્ષા થઈ રહી છે. પ્રકૃતિ તેની સંકેત-ભાષા છે. મૂંગા રહી, સાવધાન થઈ જે વ્યક્તિ તે સંકેતો વિષે જાગ્રત છે, તેને તેઓ નક્કી અંદર બોલાવે છે.

**- ઓશો, માટીના દીવામાંથી સાભાર**

## ખરે સમયે લીધેલા એક નિર્ણયથી જીવનનો પ્રવાહ પલટાઈ ગયો...

રાજસ્થાનના જેસલમેર શહેરના હરીશભાઈ ધનદેવને બાપદાદાના ખેતરમાં પરંપરાગત બાજરી, જુવાર, મગફળી, વગેરેની ખેતી કરવી નહોતી. એને સરકારી કે અર્ધસરકારી નોકરીમાં રસ નહોતો. સિવિલ એન્જિનિયરની ડિગ્રી મેળવી હરીશભાઈએ કમને જેસલમેર કૉર્પોરેશનમાં જુનિયર એન્જિનિયર તરીકે થોડા મહિના નોકરી કરી. છતાં મન માને નહીં. કંઈક નવું કરવાના ઈરાદાથી નોકરી છોડી દીધી. એ સાથે એની સામે ......... રૂપિયાનો પ્રશ્ન ઊભો થયો; હવે કરવું શું? અંતે દિલ્હીમાં યોજાયેલા ઍગ્રિકલ્ચરલ એક્સ્પોમાં હરીશને એની સમસ્યાનું સમાધાન મળી ગયું. દિલ્હીમાં જ નક્કી કર્યું કે જેસલમેર જઈ ખેતરોમાં કુંવારપાઠુંની ખેતી કરીશ. માહિતી મુજબ આવનારા દિવસોમાં એની માગ કરોડો રૂપિયાની હશે. નક્કી કર્યા મુજબ પોતાનાં ખેતરોમાં કુંવારપાઠું ઉગાડવા માંડયો અને ગણતરીના મહિનામાં તો કરોડોનો કારોબાર કરવા માંડયો.

આજે હરીશભાઈ બાબા રામદેવની પંતજલિ પ્રોડક્ટ માટે ૪૦ ટકા કુંવારપાઠુંનો ગર-માવો એકલા હાથે સપ્લાય કરે છે. વર્ષે લગભગ રૂપિયા બે કરોડનો ધંધો કરે છે. જેસલમેરમાં કરોડોનો કારોબાર કરનારાઓમાં હરીશભાઈનું નામ ગૌરવથી લેવામાં આવે છે.

પોતાની સફળતાની યાત્રા વિશે હરીશભાઈ ચિત્રલેખાને કહે છે કે અસલમાં અમે રાજસ્થાનના વતની. પિતા રૂપારામ સરકારની પાણીવિતરણ વ્યવસ્થા વિભાગમાં ફરજ બજાવતા. અવારનવાર એમની બદલી થાય. એની અસર મારા અભ્યાસ પર થતી. એ દૂર કરવા ધોરણ ચારથી મને માઉન્ટ આબુની બોર્ડિંગ સ્કૂલમાં દાખલ કરી દીધો. ધોરણ ૧૦ સુધી બોર્ડિંગ સ્કૂલમાં રહી અભ્યાસ કર્યો. એ પછી ઘરે પરત આવી ગયો. ધોરણ ૧૨ ના બોર્ડની પરીક્ષા જેસલમેરમાં પાસ કરી. એ પછી વીતતા સમયની સાથે ક્રમશઃ સિવિલ એન્જિનિયર ને એ પછી દિલ્હીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ પબ્લિક મૅનેજમેન્ટમાં એમ.બી.એ.નો અભ્યાસ કર્યો. ત્યાર બાદ જુનિયર એન્જિનિયરની નોકરી કરી, પરંતુ એ જોબ તથા મળતા પગારથી સંતોષ થતો નહોતો. નોકરી દરમિયાન સતત થતું કે કંઈક અલગ કરું. મારો પોતાનો ધંધો કરું. એ સમયે અંદરથી પ્રશ્ન ઉઠતો કે શું કરું? બાપદાદાની ૩૦૦ વીઘાં જમીન હતી. એમાં ખેતી કરું તો શું ઉગાડવું? શેનો પાક લેવો? કારણ કે રાજસ્થાનની જમીન ફળદ્રુપ નથી. પાણી ઓછું મળે છે.

જુદી જુદી વેબસાઈટ પર અભ્યાસ કરતાં હરીશ ધનદેવને જાણવા મળ્યું કે આજકાલ દેશ-વિદેશમાં કુંવારપાઠુંની ખૂબ માગ વધી રહી છે. લોકો કુદરતી ઈલાજમાં વધુ રસ રાખે છે. એમાંય બાબા રામદેવ પોતાનાં ઉત્પાદનો માટે મોટા પ્રમાણમાં કુંવારપાઠુંનો માવો ખરીદે છે. એ છતાંય એમની માગ પૂરી થતી નથી. આટલું ઓછું હોય એમ કુંવારપાઠુંની ખેતી પર સરકાર ૩૦થી ૪૦ ટકા સબ્સિડી આપે છે. એ જ સમયે દિલ્હીમાં ઍગ્રિકલ્ચર એક્સ્પોની જાહેરાત થઈ. હરીશે એક-એક લેક્ચર સાંભળ્યાં. એક સ્ટૉલ પર કુંવારપાઠુંની પ્રોડક્ટ્સ-બનાવટો મૂકેલી. એમાં જૅલ, શૅમ્પૂ, ફેસ વૉશ, ક્રીમ, જ્યુસ, વગેરે નજરે નિહાળ્યાં. એ સ્ટૉલ પર એની અગત્યતા અને માગ વિસે માહિતી હતી. એ વાંચી દેશનું માર્કેટ નજર સામે દેખાવા લાગ્યું. એ સમયે જ કુંવારપાઠુંની ખેતી કરવાનો નિર્ણય લીધો. રાજસ્થાનની ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીને કુંવારપાઠુંની ખેતી કરવા અંગે પત્ર લખ્યો. પોતાના ખેતરની માટીની તપાસ કરાવી. યુનિવર્સિટીમાંથી જવાબ મળ્યો કે કુંવારપાઠું માટે તમારા ખેતરની જમીન યોગ્ય છે. તમારી જમીનમાં શ્રેષ્ઠ કુંવારપાઠુંની ખેતી થઈ જશે.

એ પાક લેવા વધારે પાણીની જરૂર પણ નથી હોતી. એ સાથે યુનિવર્સિટીએ કુંવારપાઠુંના ૫૦૦૦ પ્લાન્ટ મોકલ્યા. એ પ્લાન્ટ મારા ખેતરમાં વાવ્યા. પ્લાન્ટ દિવસે દિવસે મોટા અને તંદુરસ્ત થવા માંડ્યા. એ જોઈ બીજા ૧૦,૦૦૦ પ્લાન્ટ મગાવ્યા. એ પ્લાન્ટ બીજા ખેતરમાં વાવ્યા. એ પ્લાન્ટ પણ સુંદર રીતે મોટા થવા માંડ્યા. બે ખેતરમાં કુંવારપાઠુંનો વિકાસ જોઈ પરિવારમાં બધા ખુશ થયા. પરિવારનો સાથ-સહકાર મળ્યો. એ પછી મેં વધારાના ૩૫,૦૦૦ પ્લાન્ટ મગાવ્યા. આમ ટૂંક સમયમાં ખેતરમાં ૫૦,૦૦૦ કુંવારપાઠુંના પ્લાન્ટ વાવી દીધા. એની રોજ કાળજી લઉં. એ પછી માત્ર છ મહિનામાં પરિણામ આવ્યું. શ્રેષ્ઠ ગુણવત્તાવાળાં કુંવારપાઠુંના છોડ ખીલી ઊઠ્યા. એ પ્લાન્ટનું સરકારી લૅબોરેટરીમાં ઍનાલિસિસ કરાવ્યું. એનો રિપોર્ટ ધારણા મુજબ સારો આવ્યો. મારાં કુંવારપાઠું પરદેશી કુંવારપાઠુંની જેમ સર્વશ્રેષ્ઠ ગુણવત્તાવાળાં હતાં.

હરીશભાઈ ઉમેરે છે કે એક વાર કુંવારપાઠુંનો એક પ્લાન્ટ વાવો એટલે પત્યું. એ પ્લાન્ટની આજુબાજુ બીજા ૧૦થી ૧૨ નાના પ્લાન્ટ ઊગી નીકળે એટલે નવા પ્લાન્ટ ખરીદવાની જરૂર ન પડે. એક બાજુ છ મહિનામાં પહેલો

પાક ઉતાર્યો. જૂનાં કુંવારપાઠુંના સ્થાને નાના પ્લાન્ટ વાવી દીધા અને નાના પ્લાન્ટ મોટા થવા માંડ્યા. એ દરમિયાન બાબા રામદેવની પંતજલિ સંસ્થાનો સંપર્ક કર્યો. મારા કુંવારપાઠુંનો માવો આપ્યો. એમની લૅબોરેટરીમાં એનું પૃથક્કરણ થયું. પતંજલિની જરૂરિયાત પ્રમાણે મારા કુંવારપાઠુંનો માવો ખરો ઊતર્યો. ભાવ નક્કી થયા. આજે પતંજલિની જરૂરિયાતનો ૪૦ ટકા માવો માત્ર હું પૂરો પાડું છું.

અત્યારે તો માત્ર હરીશભાઈએ પતંજલિની માગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હરીશભાઈ કહે છે કે ખરા સમયે લીધેલા એક નિર્ણયે મારા જીવનની દિશા બદલી દીધી. નવું કરવાની ધૂને મને એક સફળ ખેડૂત બનાવી દીધો.

**- ગોપાલ પંડ્યા (જેસલમેર), સૌ. ચિત્રલેખા.**

## ચાર રત્નો

એક આશ્રમમાં ચાર વિદ્વાનો ચર્ચા કરતા હતા. ત્યાં બીજા શ્રદ્ધાળુ સાધક ભાઈ-બહેનો પણ બેઠાં હતાં. તે સમયે એક વિદ્વાને કહ્યું : મા-બાપની માફી મગાય જ નહીં. બીજા વિદ્વાને કહ્યું : ઈશ્વરને યાદ કરાય જ નહીં. વળી ત્રીજા વિદ્વાને કહ્યું : ઈશ્વરને યાદ ન કરવા તે સાચું છે પરંતુ એમાં મારા તરફથી થોડો ઉમેરો પણ કરું છું કે ઈશ્વરથી ક્યારેય ડરવું નહીં અને ચોથા વિદ્વાને કહ્યું : માણસે જીવન જીવવું ન જોઈએ.

વિદ્વત્ ચર્ચા ચાલતી હતી પરંતુ શ્રદ્ધાળુ વર્ગ ત્યાં બેઠો હતો તેમને આ બધી વાતો ના ગમી. તેઓ અંદરો-અંદર ચર્ચા કરવા લાગ્યા. કોઈને આ પ્રશ્નો સમજાતા નો'હતા. પરંતુ આ ચર્ચા જે સ્થાનમાં થતી હતી તે સાત્ત્વિક સ્થાન હતું. કદાચ ગામના ચોરે કે ચાર નિંદા કરવાવાળા બેઠા હોય, પંચાતીયા લોકો આ પ્રમાણે ચર્ચા નો'હતા કરતા. વિદ્વાનો પોતાના વિચારો જરૂર રજૂ કરી શક્યા પરંતુ તેનું સચોટ માર્ગદર્શન હૃદયથી આપી શક્યા નહિ. દરેક વાત તર્કથી જ સમજાય તેવું નથી હોતું. જ્યાં તર્ક અટકી જાય છે ત્યાં હૃદયની ભાષા શરૂ થઈ જતી હોય છે.

બધા આશ્રમસ્થ સંત પાસે આવ્યા. સંત પરિસ્થિતિ સમજી ગયા અને પૂછ્યું : તમે બધા બેચેન કેમ છો? તો ભક્તોએ ચર્ચા થઈ તેની રજૂઆત કરી અને કહ્યું : અમને આવી વાતો ના ગમે, આ બધા જાણે અમારી શ્રદ્ધા વિરુદ્ધ બોલતા હોય તેવું લાગે છે. સંતે મૌન ધારણ કર્યું. એક પછી એક બધી વાતોને સાંભળી.

જ્યાં ભક્તોની મતિ ગતિ કરી શકે નહિ, આ અટકી ગયેલી મતિને ગતિ આપવાનું કામ, જડને ચેતન બનાવવાનું કામ, અજ્ઞાનને જ્ઞાન દ્વારા પ્રકાશિત કરવાનું કામ ગુરુનું હોય છે. એટલે સંતની, ગુરુદેવની કરૂણા પોતાના ભક્તો પ્રત્યે વહેવા લાગી. ગુરુદેવે કહ્યું : પહેલા વિદ્વાનની વાત સાચી છે મા-બાપની માફી મગાય જ નહીં એનો અર્થ એ થયો કે મા-બાપની માફી માગવી પડે તેવી ભૂલ ક્યારેય કરવી નહિ.

બીજા વિદ્વાનની વાત પણ સાચી છે કે ઈશ્વરને યાદ કરાય નહિ એનો અર્થ એ થયો કે યાદ તો એને કરવા પડે જેને આપણે ભૂલી ગયા હોઈએ, પરંતુ આપણે જો આપણા પરમાત્માને સતત યાદ કરતા હોઈએ, એમનું કદી વિસ્મરણ જ ન થતું હોય તો તેને યાદ કરવાનો પ્રશ્ન ઉભો જ નથી થતો. જે ચીજ ખોવાઈ જાય તેને શોધવી પડે પરંતુ જે કદી ખોવાતી જ નથી, હંમેશા સાથે જ રહે છે એને શોધવા કે યાદ કરવાની હોય જ નહિ એ તો નિત્ય પ્રાપ્ત છે.

ત્રીજા વિદ્વાને કહ્યું છે, ઈશ્વરથી ડરવું નહીં. એનો મતલબ એ થયો કે પાપથી ડરવું, પરંતુ પ્રભુથી ડરવું નહીં. જુઓ જીવનમાં કશું ખોટું કરીશું જ નહીં તો પછી ઈશ્વરથી ડરવાની શી જરૂર છે? જે માણસ કરચોરી કરતો જ નથી તેને આયકર વિભાગથી ડરવાની શી જરૂર છે? જે માણસ ગુનો કરતો નથી તેને પોલીસથી ડરવાની શી જરૂર છે? માટે હંમેશા સત્યના માર્ગ ઉપર ચાલવું જેથી ઈશ્વર કે કુદરતથી ડરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી.

ચોથા વિદ્વાને કહ્યું, જીવન જીવવું જ ન જોઈએ, એનો અર્થ એ થયો કે માનવીનું જીવન એવું હોવું જોઈએ કે જે લખી શકાય અને લખાણ એવું હોવું જોઈએ કે જે જીવી શકાય. જેમાંથી અનેક લોકો પ્રેરણા મેળવે. આ અર્થમાં આપણે માત્ર જીવન જીવવાનું જ નથી પરંતુ સૌનું પ્રેરણાસ્રોત બનવાનું છે.

આ બધી જ વાતોનો અર્થ ગુરુ સમજી શકતા હોય છે કારણ કે તેઓ આ પ્રમાણે જીવન જીવતા હોય છે. સાચા અર્થમાં ગુરુનું કામ અજ્ઞાન દૂર કરી પ્રકાશ પાથરવાનું છે. જ્યોતિ પ્રગટાવવાનું છે. ગુરુપુર્ણિમાના શુભ દિવસે આપણે આપણા ગુરુદેવના ચરણોમાં પ્રણામ કરીએ. પ્રાર્થના કરીએ, 'હે ગુરુદેવ! અમારા જીવનમાં આ બધી જ વાતો ચરિતાર્થ થાય તેવી ભક્તિ, શક્તિ અને સમજ આપો.'

**- સ્વામી અસંગાનંદજી, યોગામૃત**

**ઋણ સ્વીકાર :**
**આ સામાયિકમાં જે લેખકોની, કવિઓની અથવા અન્ય સામાયિકોમાંથી જે વાંચન સામગ્રી છાપી છે તે માટે અમે એ સર્વના ઋણી છીએ. - તંત્રી**

## અતિથિદેવો ભવ :

એક વાર બે દેવદૂત એક શ્રીમંતના ઘરે રાત રોકાવા ગયા. શ્રીમંત શેઠે તેમનો બિલકુલ આદરસત્કાર ન કર્યો. તેમને સરખા જમાડયા પણ નહીં કે તેમને સરખી પથારી પણ ન કરી આપી. સૂતી વખતે મોટા દેવદૂતને દીવાલમાં મોટું ગાબડું દેખાયું. તેણે આ ગાબડું પૂરી દીધું. નાના દેવદૂતે આનું કારણ પૂછ્યું તો મોટાએ કહ્યું, ‘જે દેખાય છે એ હોતું નથી.’ બીજા દિવસે તેમણે એક ગરીબ ખેડૂતને ત્યાં રાતવાસો કર્યો. ખેડૂત દંપતીએ પ્રેમથી તેમનું સ્વાગત કર્યું. તેમને યથાશક્તિ ભોજન કરાવ્યું અને તેમની પાસેની એકમાત્ર ગોદડી પર સૂવાની વ્યવસ્થા કરી આપી. પોતે ભોંય પર સૂઈ ગયા. બીજા દિવસે સવારે દેવદૂતો ઊઠ્યા ત્યારે દંપતી રડી રહ્યું હતું. કારણ પૂછતાં ખબર પડી કે તેમની આજીવિકાના એકમાત્ર સાધન સમી ગાય મરી ગઈ હતી. આ સાંભળીને નાના દેવદૂતને ખૂબ લાગી આવ્યું. તેણે મોટા દેવદૂતને કહ્યું, ‘પેલા શ્રીમંતે આપણી સાથે સારો વ્યવહાર ન કર્યો તોય તમે તેના ઘરની દીવાલ સમારી લીધી અને આ દંપતીએ આટલી સારી આગતાસ્વાગતા કરી તોય એની ગાયને આપણે બચાવી ન શક્યા ?’ મોટા દેવદૂતે વળી કહ્યું, ‘જે દેખાય છે એ હોતું નથી.’ નાના દેવદૂતને કાંઈ સમજાયું નહીં. આથી મોટા દેવદૂતે ફોડ પાડીને કહ્યું, ‘મેં દીવાલમાં જ્યાં બાકોરું જોયેલું ત્યાં સોનામહોરો પડેલી દેખાતી હતી. મેં એ બાકોરું પૂરી દીધું. જેથી એ સોનું પેલા ધનવાનને ન મળે. આ ખેડૂતની પત્નીની આવરદા પૂરી થવા આવી હોવાથી યમદૂત તેના પ્રાણ લેવા આવેલો પણ મેં તેની ગાયના પ્રાણ લઈ જવા કહ્યું, અને તેની પત્નીને બચાવી દીધી.’

**બોધ :** ઈશ્વરનો આશય શુભ જ હોય છે. હા, એવું બને કે આપણને એનું લોજિક ન સમજાય.

**- સૌ. ડાયલૉગ**

### વાંચકોના પત્રમાંથી

સ્નેહશ્રી રમેશભાઈ,

આપણાં ગોરક્ષા પાત્રના બધાય લેખોનું સંકલન કાર્ય આપશ્રી અત્યંત ઉત્તમ રીતે સંક્ષિપ્ત કરી, નીતિમત્તાના મૂલ્યોને ગમે તેવું વાંચકવર્ગને પીરસો છો, તે પ્રશંસનીય છે, અભિનંદનીય છે, વિજયાલક્ષ્મી પંડિતના લેખે આપના પ્રયત્નોને ચાર ચાંદ લગાડ્યા છે. ક્યાંકથી શોધીને વાંચક વર્ગને પહોંચાડો છો, તેનો આદર્શ નમૂનો છે. **-લિ. કુલીનકાંત લુઠિયા, ટ્રસ્ટી ‘‘માનવ જ્યોત’’**

## હરિ ૐ

**અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,**
**જુજવે રૂપ અનંત ભાસે ;**
**દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું,**
**શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.**
**અખિલ બ્રહ્માંડમાં.**

**પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,**
**વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે ;**
**વિવિધ રચના કરી અનેક રસ લેવાને,**
**શિવ થકી જીવ થયો એ જ આશે.**
**અખિલ બ્રહ્માંડમાં.**

**વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે,**
**કનક કુંડળ વિષે ભેદ ન હોય ;**
**ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં,**
**અંતે તો હેમનું હેમ હોયે.**
**અખિલ બ્રહ્માંડમાં.**

**ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી,**
**જેહને જે ગમે, તેને તે પૂજે ;**
**મન-વચન-કર્મથી આપ માની લહે,**
**સત્ય છે એજ મન એમ સૂઝે...**
**અખિલ બ્રહ્માંડમાં.**

**- નરસિંહ મહેતા**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. તરુણ શાહ | - અમદાવાદ | ૧૫૦૦/- |
| ૨. ડી.એફ. ડાભી | - અમદાવાદ | ૧૦૦/- |
| ૩. અતુલ જી. શાહ | - અમદાવાદ | ૧૦૦/- |
| ૪. ડો. પ્રવીણ શાહ | - ઘાટકોપર | ૧૦૦/- |

**નોંધ :** આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર **003110100021366** માં ભરવા વિનંતી.
**Bank Code : IFSC BKID 0000031**



## મિચ્છામી દુક્કડમ્



**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

# સાચા હૃદયથી કરેલ પ્રાર્થના

ડો. માર્ક વિખ્યાત કેન્સર સ્પેશીયાલીસ્ટ હતા. એકવાર એક કોન્ફરન્સમાં ભાગ લેવા માટે જઈ રહ્યા હતા. કોઈ ટેકનિકલ ક્ષતીને કારણે વિમાનને ઈમરજન્સી લેન્ડીંગ કરવું પડ્યું. આ વિમાન હવે આગળની ઉડાન ભરી શકે તેમ નહોતું એટલે ડો. માર્કે રીસેપ્શન પર જઈને આગળની સફર માટે પુછપરછ કરી. રીસેપનીસ્ટે જણાવ્યુ કે આપને જે શહેરમાં જવું છે ત્યાં જવા માટેની ફ્લાઈટ હવે ૧૨ કલાક પછી જ મળી શકે તેમ છે. જો આપને ઉતાવળ હોય તો આપ ટેક્સી ભાડા પર લઈને સેલ્ફ ડ્રાઈવીંગ કરીને જઈ શકો છો.

કોન્ફરન્સમાં પહોંચવું બહુ જ જરૂરી હતુ આથી ડો. માર્ક આ વિસ્તારથી સાવ અજાણ્યા હોવા છતા ટેક્સી ભાડા પર લઈને નીકળી પડ્યા. જીપીએસ સીસ્ટમ પર તે શહેરમાં ૪ કલાકમાં પહોંચી જવાશે એવો સંદેશો જોઈને ડો. માર્કને હાશકારો થયો. હજુ તો એકાદ કલાક પસાર થયો ત્યાં જોરદાર વરસાદ અને વાવાઝોડું શરૂ થયુ. જીપીએસ કામ કરતું બંધ થઈ ગયુ અને ડોક્ટર સાવ અજાણ્યા વિસ્તારમાં ફસાઈ ગયા. એમણે ધીમે ધીમે ગાડી ચલાવવાની ચાલુ જ રાખી.

લગભગ ૫-૬ કલાકના સતત ડ્રાઈવીંગ પછી પણ ક્યાં પહોંચ્યા એની કંઈ ખબર પડતી નહોતી. સાવ ઉજ્જડ વિસ્તાર હતો. એક નાનું મકાન દેખાયું એટલે ડો. માર્ક ત્યાં પહોંચી ગયા. એ ખુબ થાકેલા હતા અને ભૂખ પણ ખુબ લાગી હતી. ઘરમાં જઈને જો કંઈ ખાવાનું હોય તો આપવા માટે ડો. માર્કે ઘરના માલીકને વિનંતી કરી. માલીક બહુ માયાળુ સ્વભાવના હતા એમણે તુંરત જ રસોઈ બનાવી અને નવા અજાણ્યા મહેમાનને જમવા માટે બોલાવ્યા.

ડો. માર્કની સાથે ઘરનો માલીક પણ જમવા માટે બેઠો. જમતા પહેલા એ ભગવાનને કંઈક પ્રાર્થના કરતો હતો. લગભગ ૩-૪ વખત પ્રાર્થના કરી એટલે ડો. માર્કને થયું કે આ માણસ કોઈ મુશ્કેલીમાં લાગે છે. ડો. માર્કએ ઘરના માલીકને પુછ્યું, ‘‘આપ શું પ્રાર્થના કરી રહ્યા છો ? અને તમને એવુ લાગે છે કે ભગવાનને તમારી આ પ્રાર્થના સંભળાતી હશે ?’’ઘરના માલીકે કહ્યું ‘‘હું ઘણા સમયથી નિયમીત પ્રાર્થના કરુ છું. આજદિવસ સુધી તો ભગવાને મારી પ્રાર્થનાનો પ્રતિસાદ આપ્યો નથી. પણ મને ભગવાન પર શ્રધ્ધા છે કે એ મારી પ્રાર્થના એકદિવસ જરૂર સાંભળશે’’ ડો. માર્કે પુછ્યું, ‘‘પણ તમે પ્રાર્થના શું કરતા હતા ?’’ ઘરના માલિકે ખુણામાં રહેલી એક પથારી બતાવીને કહ્યું, ‘‘આ મારો દિકરો છે એને કેન્સર છે અને આ એ પ્રકારનું કેન્સર છે જેની સારવાર માર્ક નામના કોઈ ડોક્ટર જ કરી શકે તેમ છે. એની પાસે જવાના કે સારવાર કરાવવાના મારી પાસે કોઈ પૈસા નથી આથી હું રોજ ભગવાનને પ્રાર્થના કરુ છું કે એ કોઈ મદદ કરે અને મારા દિકરાને રોગ મુક્ત કરે.’’

ડો. માર્કની આંખો પહોળી થઈ ગઈ. ક્યાં જવા નીકળ્યા અને ક્યાં પહોંચી ગયા એ સમગ્ર ઘટના એની સ્મૃતિપટ પરથી પસાર થઈ અને એટલું જ બોલ્યા, ‘‘ખરેખર ભગવાન મહાન છે અને હૃદયથી થયેલી પ્રાર્થના સાંભળે છે.’’

● મિત્રો, આપણા જીવનમાં બનતી તમામ ઘટનાઓ માત્ર અકસ્માતો નથી હોતા દરેક ઘટનાઓમાં કુદરતની કોઈ કરામત હોય છે.

**- પ્રેષક : જતીન રમેશ દોશી**

---

**Post Registration No. MNW/277/2015-17**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ એસ. દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**“Licence to Post Without Pre Payment”**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017**



ગૌરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,